સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

નવેમ્બર, ૨૦૧૮ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/–

## તીર્થધામ જગન્નાથપુરી







**તીર્થધામ જગન્નાથપુરીને** આંગણે નવનિર્માણ **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**ના પટાંગણમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. ૧૦૮ **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાંનિધ્યમાં

## નૂતન કથામંડપ–ભોજનાલય–યાત્રિક ભક્ત ભુવન તથા હરિમંદિરનો

# ‘ઉદ્‌ઘાટન સમારોહ’










# ઉદ્‌ઘાટન સમારોહ
## તીર્થધામ જગન્નાથપુરી










**તીર્થધામ જગન્નાથપુરીને આંગણે નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના પટાંગણમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ થી પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં નૂતન કથામંડપ - ભોજનાલય - યાત્રિક ભક્ત ભુવન તથા હરિમંદિરનો 'ઉદ્‌ઘાટન સમારોહ' તથા સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**

૧. પ.પૂ. લાલજી મહારાજશ્રીને સ્નેહપૂર્વક ભેટતા પૂ. સ્વામી ૨. ઉદ્‌ઘાટન સમારોહના યજમાન શ્રી પ.ભ. પરેશભાઇ ચંદુભાઇ પટેલ (અમેરિકા) ને પ.પૂ. લાલજી મહારાજશ્રી ૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા અર્પણ કરી પૂજન કરતાં સુપ્રસિદ્ધ ભાગવત કથાકાર પૂ. શ્રી જીજ્ઞેશદાદા (રાધે રાધે) ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરતાં જગન્નાથપુરી મંદિરના ટ્રસ્ટી સભ્યો. ૫. તૈયાર થયેલ નૂતન યાત્રિક ભક્ત ભુવન રૂમમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો હરિભક્તો ૬. નૂતન સભામંડળમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો, યજમાનશ્રીઓ ૭. સભામંચમાં ઉપસ્થિત પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. વક્તા તથા પૂ. સંતો ૮. સમારોહ દરમ્યાન નિત્ય વહેલી સવારે મંદિર પટાંગણમાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી

























**તીર્થધામ જગન્નાથપુરીને આંગણે નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના પટાંગણમાં પ.પૂ. ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આર્શીવાદથી પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં નૂતન કથામંડપ - ભોજનાલય - યાત્રિક ભક્ત ભુવન તથા હરિમંદિરનો 'ઉદ્‌ઘાટન સમારોહ' તથા સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**

૧. પોથીયાત્રા ૨. દીપ પ્રાગટ્ય ૩-૪. શ્રી સત્સંગિજીવન કથા અંતર્ગત શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવની ઉજવણી ૫-૬. પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ઉપસ્થિતિમાં સમૂહ મહાપૂજામાં લાભ લેતાં યજમાનશ્રીઓ તથા હરિભક્તો ૭. દિવ્ય રાસોત્સવ ૮. પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં તથા પૂ. સંતો - હરિભક્તોની ઉપસ્થિતિમાં સત્સંગ હાસ્યરસ પીરસતાં પ્રસિદ્ધ હાસ્ય કલાકાર શ્રી જીતુભાઈ દ્વારકાવાળા તથા શ્રી હરદેવભાઈ આહિર.





## ૧૮૯મો વાર્ષિક પાટોત્સવ ગઢડા





સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વરૂપ શ્રી ગોપીનાથજી મહારાજનો પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આર્શીવાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવારના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ '૧૮૯મો વાર્ષિક પાટોત્સવ' તથા સત્સંગ સભા

## શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ - ગઢડા





ગઢપુરધામને આંગણે શ્રી ગોપીનાથજી મહારાજના દિવ્ય સાનિધ્યમાં દાદા ખાચરના દરબારગઢમાં પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આર્શીવાદ સહ આજ્ઞાથી પૂ. કો.શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજીના વક્તાપદે પ.ભ. શ્રી ઠાકરશીભાઇ ગઢીયા પરિવાર (નિંગાળા) ના યજમાનપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ ' પ્રસંગે પધારતાં પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.

## શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ - ઠાંસા





ઠાંસા (તા. ગારીયાધાર) ગામને આંગણે પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આર્શીવાદ સહ આજ્ઞાથી શા.શ્રી રવીન્દ્રભાઇ જોશીના વક્તાપદે ઠાંસા ગામ નિવાસી સમસ્ત ઝડફીયા પરિવારના યજમાનપદે યોજાયેલ 'શ્રીમદ્ ભાગવત કથાપારાયણ' પ્રસંગે પધારતાં પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સ્વામિનારાયણ ચિંતન

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :- ૬ । અંક :- ૧૦ । તારીખ :- ૨૦ નવેમ્બર, ૨૦૧૮



અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

**પ્રસિદ્ધ કર્તા**

**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**મું. સરધાર, તા.જી. રાજકોટ**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લેખન – સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
*ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૬૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A., £ 125 U.K.***

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર. દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

**લવાજમદર અંગે**
**ગ્રાહક પત્ર વ્યવહાર**

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

www.sardhardham.com chintankaryalay@gmail.com

**છબીકલા :**
**શિવલાલ સુદાણી – બારમણ મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦**
**મનિષ પટેલ – મો. ૯૮૨૫૦ ૪૨૦૯૬**

## કરૂણાનિધાન શ્રીહરિની સ્તુતિ

નમુ કૃષ્ણ હરિં કરુણાકરણનું, જનનાં જનનં મરણં હરણં;
નમુ વર્ણીસ્વરૂપધરં વરંદ, નિજ સેવકને પદ અક્ષરદં.
વરદેવ સુવંદિતપાદ વિભો, પદભક્તિ અનન્ય સુદેહિ પ્રભો;
નમુ દાસહિતં નરદેહધરં, ભવપાશકરાલવિનાશકરં.
નમુ શેષ ગણેશ મહેશપત, નમુ શ્રીવૃષનંદ અગમ્યગતિં;
નમુ શ્રીહરિ સુંદરશ્યામતનં, નિજઆશ્રિતચાતકસ્વાતિઘનં.
નમુ શ્યામતમાલસમં વરણં, નમુ માધવ સાધુમનોહરણં;
નમુ નિર્મળકોમળકંજપદં, જિતકામસદા ગતમોહમદં.
અસુરારિ અઘારિ અધર્મઅરિં, નમુ હાટકસંઘૃતહારહરીં;
નમુ મંજુલ કોમળ હાસ્યમુખં, નમુ સંતજનાર્પિતસર્વસુખં.
શ્રુતિમાર્ગ પ્રવર્તનકારિ સદા, નમુ નાથ નિરંજન દેવ મુદા;
નમુ ધર્મપુરે નિજઅંઘ્રિધરં, નિજદાસમનોરથ પૂર્ણકરં.
નમુ કોટિમકવિશ્વધરં રુચિરં, સુખદાયક બોધકરં સુચિરં;
નમુમાનસહંસવિશાલસરં, નમુ નૈષ્ઠિતાવ્રતનિત્યધરં.
અરપો મુજને વરદાન અહો, તવ આ છબિ અંતર માહિ રહો;
ક્ષણમાત્ર કદી ન જશો વિસરી, વરદાયક વિશ્વવિહારી હરી.

**(શ્રીહરિલીલામૃત : ૭/૫૬/૧૭-૨૪)**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૦૧ | કહાં કહું હરિ કરૂણા તેરી | ૦૬ |
| ૦૨ | સત્સંગ સમાચાર પત્રિકા | ૨૫ |

૧૫મો શ્રી સ્વામિનારાયણ બાળયુવા મહોત્સવ
17 થી 21 MAY 2019
તીર્થધામ સરધાર

હમારા લક્ષ્ય
विश्व का कल्याण हो...
લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| દિવ્ય અમૃતવાણી | સત્સંગ કથાપારાયણ | સત્સંગ કથામૃત |
| સમય : દરરોજ | દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



# કહાં કહું હરિ કરુણા તેરી

લેખાંક : ૧

करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनं । पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ।।



**શાસ્ત્રો અને મહાપુરુષોએ ભગવાન શ્રીહરિને કરુણાનિધાન, કરુણાભુવન, કરુણાધન, કરુણાનિધિ, કરુણાના ધામ, કરુણામય, કરુણારસમય, કરુણાના ભંડાર, કરુણાસિંધુ, કરુણાકંદ, કરુણાદ્રગ, કરુણાયતન, કરુણાલય, કરુણાભરણં વગેરે અનેક નામોથી વર્ણવ્યા છે.**

**સાધુ અમૃતસ્વરૂપદાસજી,** ગુરૂ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આ જીવ અનંત જન્મોથી ભવાટવીમાં ભટકે છે તેનું કારણ મુક્તિ નથી થઈ. મુક્તિ નથી થઈ તેનું કારણ ભગવાન શ્રીહરિનું ભજન નથી કર્યું. ભજન નથી થતું એનું કારણ ભગવાન શ્રીહરિમાં પ્રેમ નથી થયો. પ્રેમ ત્યારે જ થાય જ્યારે સામેવાળી વ્યક્તિની મોટપ સમજાય, ભગવાન શ્રીહરિએ આપણા ઉપર કરેલા ઉપકાર સમજાય.

તેથી જ સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી રચિત આરતીમાં આપણે નિત્ય ગાન કરીએ છીએ કે, **'આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી; મુક્તાનંદ કહે મુક્તિ, સુગમ કરી સીધી...'**

ભગવાન શ્રીહરિના આપણા ઉપર અનેક ઉપકારો છે. તેમાંથી સૌથી મોટો ઉપકાર છે - 'કરુણા.' સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં લખે છે : "શ્રીહરિ જ્યારે પ્રકટ થાય છે ત્યારે પોતાના ભક્તને અપાર સુખ આપે છે. પોતાની મૂર્તિમાં જેટલો કરુણારસ ભર્યો છે તે બધો ભક્તોને આપે છે. અર્થાત્ ભક્તોના ઉપર ખૂબજ કરુણા વરસાવે છે." (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૫/૭૪)

શાસ્ત્રો અને મહાપુરુષોએ ભગવાન શ્રીહરિને કરુણાનિધાન, કરુણાભુવન, કરુણાધન, કરુણાનિધિ, કરુણાના ધામ, કરુણામય, કરુણારસમય, કરુણાના ભંડાર, કરુણાસિંધુ, કરુણાકંદ, કરુણાદ્રગ, કરુણાયતન, કરુણાલય, કરુણાભરણં વગેરે અનેક નામોથી વર્ણવ્યા છે.

શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ પાંચ પ્રકરણમાં કુલ ૬૧ વાર 'કરુણા' શબ્દનો પ્રયોગ કર્યો છે. (આમાં કારુણ્ય, કરુણ, કરુણા વગેરે શબ્દો સમજવા.)

વિશિષ્ટાદ્વૈત મત અનુસાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રીહરિનું સ્વરૂપ અનંત કલ્યાણકારી દિવ્ય ગુણોથી યુક્ત માનવામાં આવ્યું છે. તે તમામ દિવ્ય ગુણોમાં પ્રથમ ગુણ છે - 'कारुण्य ।' કારુણ્ય એટલે કૃપા, દયા, અનુગ્રહ, મહેર વગેરે **પર્યાય શબ્દો** ઘણા છે.

કારુણ્યની વ્યાખ્યા :

૧. 'परदुःखदुखित्वम् ।' - બીજાનું દુઃખ જોઈને હૃદય અકળાઈ જાય, દુઃખી થઈ જાય તે **કરુણા** છે.

ભગવાન શ્રીહરિ દયા કરુણાના દરિયાવ હતા. જેથી સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી** લખે છે :

'અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો; પરદુઃખહારી રે,
વારી બહુનામીનો.....૬
કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય; દયા આણી રે,
અતિ આકળા થાય.....૭
અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે; કરુણા દ્રષ્ટિ રે,
દેખી વાનજ વાળે.....૮'

(સ્વાભાવિક ચેષ્ટા : ૫૬ - ૬)

પરમહંસોની આ પંક્તિઓ કેવળ કલ્પનાની જ કૃતિઓ નથી. આ આલેખનમાં તેમની અનુભૂતિની અભિવ્યક્તિ જણાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના યોગમાં આવનાર પ્રત્યેકને તેમની આ દયાભાવના અને સેવાવૃત્તિનો અનુભવ થયા વગર રહેતો નહિ. રોગથી પીડાતી કે દુઃખી વ્યક્તિને જોતાં જ તેમનું હૃદય દ્રવી જતું, તેના પર તેમની કરુણાની હેલી વરસી જ જતી. આ તેમની **સાહજિક પ્રકૃતિ** હતી.

૨. કારુણ્ય એટલે 'स्वार्थनिरपेक्षा दया ।' - કોઈપણ પ્રકારના સ્વાર્થ વિના બીજાના દુઃખ નિવારણ કરવાનો પ્રયાસ **'કરુણા'** છે.

આ બીજી વ્યાખ્યા પ્રમાણે કરુણા અમુકમાં જ હોય છે. તમે શિયાળાની રાત્રે તમારી કારમાં બેસીને જતા હો અને ફૂટપાથ પર કોઈ ગરીબ કડકડતી ઠંડીમાં ધ્રૂજતો હોય અને ગાડીમાં બેઠા બેઠા વિચાર કરો કે, 'પેલો ગરીબ માણસ ઠંડીમાં કેવો ધ્રૂજે છે !' તો એ દયા છે. પરંતુ દયા જ્યારે ક્રિયાનું રૂપ ધારણ કરે, ગાડી ઊભી રાખીને તમારી ચાદર એ ગરીબને ઓઢાડી દ્યો ત્યારે દયા 'કરુણા' બની જાય છે.

બીજાનું દુઃખ જોઈને પીડા તો બધાને થાય, પરંતુ તે દુઃખ દૂર કરવાની ક્ષમતા બધામાં હોતી નથી. જો ક્ષમતા હોય તો પણ તેનું દુઃખ દૂર કરવા પ્રયત્ન નથી કરતા અને કદાચ પ્રયત્ન કરે તોપણ તેમાં સ્વાર્થ સમાયેલો હોય તો જ થાય છે. પરમાત્મા અને તદાશ્રિતો વિના નિઃસ્વાર્થ ભાવે કરુણા કોઈ કરતું નથી.

કરુણાનો સૌથી મોટો હેતુ દુઃખી કે પીડિતોને લાભ છે. 'કરુણા' એટલે જેમાં અન્ય તમામ જીવોનું કલ્યાણ અને લાભ જ સર્વોપરી હોય છે. આવી કરુણા સદા પ્રસન્ન રહેવા માટેનો એક **જરૂરી ઉપાય** છે.

કરુણાશીલ પુરુષ જેટલો સમર્થ હોય તેટલો લાભ પીડિતોને વિશેષ થાય છે. સમર્થ અને અસમર્થ બંનેમાં કરુણા હોય, પરંતુ અસમર્થની કરુણા પીડિતોને લાભદાયક નથી થઈ શકતી. જ્યારે સમર્થની કરુણા અનેક પ્રકારે પીડિતો માટે લાભદાયક થઈ શકે છે. માટે સમર્થ પુરુષની કરુણા **સાર્થક** છે અને અસમર્થની કરુણા **નિરર્થક** છે.

ઘણીવાર સમર્થ હોય પણ દયા કે કરુણા ન હોય તોપણ તેનું સમર્થપણું પીડિતો માટે નિરર્થક છે. માટે કરુણા માટે પહેલી શરત એ છે કે કરુણાવાન પુરુષ સમર્થ હોવો જોઈએ. સમર્થપણું અને સર્વોત્કૃષ્ટ કરુણા **બંને ગુણ** એક ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં જ **સદૈવ** વર્તે છે. કારણ કે, ભગવાન શ્રીહરિ નિરવધિકાતિશય સમર્થ છે.

સં. ૧૮૭૩માં ભગવાન શ્રીહરિએ ગઢપુરમાં **અન્નકૂટોત્સવ** કર્યો હતો. તે સમયે બધા ભક્તોએ **સ્તુતિ** કરી. તેમાં દીનાનાથ ભટ્ટે જે સ્તુતિ કરી તેને શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ તૃતીય પ્રકરણના ૧૪મા

અધ્યાયમાં 'કરુણાષ્ટક' નામથી ગૂંથી છે. તેના ૧લા શ્લોકમાં ભગવાન શ્રીહરિના **સમર્થપણાનું** સર્વોત્કર્ષપણે **વર્ણન** કર્યું છેઃ

'महातेजः पुञ्जे स्फुरदमलसिंहासनवरे स्थितं सर्वाधीशं नखाकिरणविद्योतितसभम् । सिताच्छत्रं पार्श्वस्फुरदमलसच्चामरयुगं भृशं धन्यो लब्ध्वा नयनपथि नारायणमहम् ।।' - 'મહાતેજના સમુદાયમાં ચળકતા શુદ્ધ મણીન્દ્રો જડેલા ઉત્તમ સિંહાસનમાં બેઠેલા; અક્ષર- કાલ-માયાદિના સ્વામી, ચરણકમળની આંગળીઓના નખનાં કિરણોથી સંપ્રકાશિત કર્યા છે સભાનાં જનો જેમણે, મસ્તક ઉપર સ્વપાર્ષદ સોમવર્માએ ધારેલા શ્વેત છત્રવાળા, બંને પડખાઓમાં અલૈયા અને ભગુજીએ ઢોળેલા છે પ્રકાશિત શુદ્ધ, સુંદર, બંને ચામરો જેમને એવા શ્રી ભક્તિધર્માત્મજ **નારાયણમુનિ** તમોને પામીને હું અત્યંત કૃતાર્થ થયો છું.'

(શ્રી સત્સંગિજીવન : ૩/૧૪/૪૨)

પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી **વિહારીલાલજી મહારાજ** 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં ભગવાન શ્રીહરિના **સમર્થપણાનું વર્ણન** કરતાં કહે છે :

**'કોટાન કોટિ રવિ ચંદ્ર તણો પ્રકાશ,**
**ખદ્યોત તુલ્ય ન જણાય જ જેની પાસ;**
**જેને સદૈવ શ્રુતિ બ્રહ્મપુરી કહે છે,**
**મુક્તો અનંત પણ અક્ષર જ્યાં રહે છે.**
**જ્યાં જ્યોતિરૂપ વળી ચિન્મય સર્વ ચીજો,**
**દિસે ન પૃથ્વી પવનાદિ પદાર્થ બીજો;**
**અગ્નિ નહીં જળ નહીં નહિ અભ્ર વ્યોમ,**
**તારા નહીં ઘન નહીં નહિ સૂર્ય સોમ.**
**જેનો કદાપિ શ્રુતિ પાર નથી જ લેતી,**
**જેને કહે નિગમ આગમ નેતિનેતિ;**
**જ્યાં જાય તે પુનર જન્મ કદી ન પામે,**
**તે વ્યાધિ આધિ તણિ બાધિ ઉપાધિ વામે.**
**તે મુક્ત સર્વ વળી જાણ સમર્થ કેવા,**
**બ્રહ્માંડ કોટિ ઉપજાવિ શકે જ એવા;**
**આજ્ઞા થકી અવતરે જઈ લોકમાંય,**
**પૂજાય આપ પુરુષોત્તમ તુલ્ય ત્યાંય.**
**બ્રહ્માંડ કોટિ રજતુલ્ય જહાં ઉડે છે,**
**એવું કહ્યું પ્રથમ અક્ષરધામ એ છે;**
**એવું સમર્થ નહિ અક્ષરધામ એક,**
**એવા સમર્થ વળી મુક્ત તહાં અનેક.'**

(શ્રીહરિલીલામૃત : ૨/૧૧)

'ઓરડાના પદો'માં શ્રીમુખના છેલ્લા બે પદોમાં ભગવાન શ્રીહરિ **સ્વયં** કહે છે :

**'મારું ધામ છે રે અક્ષર અમૃત જેનું નામ,**
**સર્વે સામ્રથી રે શક્તિ ગુણે કરી અભિરામ;**
**અતિ તેજોમય રે રવિ શશી કોટિક વારણે જાય,**
**શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય.'**

આ ધામને બ્રહ્મપુર, અમૃતપદ, પરમપદ, બ્રહ્મમહોલ, ચિદાકાશ, સચ્ચિદાનંદ વગેરે નામોથી પણ ઓળખાય છે.

**ભગવાન શ્રીહરિનું અપ્રતિમ સામર્થ્ય :**

ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં અસંખ્યાત કલ્યાણકારી ગુણો તથા સામર્થ્ય રહેલું છે. અને તેથી જ જગદ્‌ગુરુ શ્રીરામાનુજાચાર્યજીએ ભગવાનને 'कल्याणैकतानः' પણે નવાજીને શ્રીનારાયણ તરીકે ઉપાસના કરી છે.

પરમાત્માના **અનેક ગુણો** છે. તે મધ્યે શ્રુતિ-સ્મૃતિએ 'षडैश्वर्यसंपन्नः' જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ - એ છ મહાગુણોને **વિશિષ્ટ સ્થાન** આપ્યું છે : 'तवानन्तगुणस्यापि षडेव प्रथमे गुणाः ।' છ ગુણો મુખ્ય છે, બાકી બધા જ ગુણો તેમાંથી પ્રગટ થયેલા છે : 'ज्ञानशक्तिबलैश्वर्यवीर्यतेजांस्यशेषतः । भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः ।।'

જ્ઞાન-શક્તિ = જગતની ઉત્પિત્તમાં

બળ-ઐશ્વર્ય = જગતની સ્થિતિમાં

વીર્ય-તેજ = જગતના પ્રલયકાર્યમાં **કારણરૂપ** છે.

આ છ ગુણોનાં બે-બેનાં જોડલાં છે તેને **છ ભગ** કહેવાય છે. જેને વિષે આ ગુણો હોય તેને 'ભગવાન' કહેવાય છે. માટે ભગવાનમાં શક્તિ નામનો મુખ્ય **ગુણ** રહેલો છે.

સામાન્યપણે લોકમાં 'શક્તિ' શબ્દ બળ અને તાકાતના ભાવમાં વપરાય છે. કોઈ દસ મણ વજન ઊંચકી શકે અથવા એકલો પાંચ માણસોને પહોંચી જાય તો 'શક્તિશાળી' ગણાય છે. પરંતુ ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં અઘટિત ઘટના ઘટાવી શકવાની અતિ અદ્‌ભુત આશ્ચર્યકારી, ચમત્કારી કળા વિશેષને **શક્તિ ગુણ** કહે છે.

વળી, કોઈમાં શક્તિ તો હોય પણ કોઈ પાસેથી ઉપાર્જિત કરેલી હોય અથવા પુરુષાર્થ કરી મેળવેલી હોય છે. પરંતુ ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં શક્તિ ગુણ **સ્વાભાવિક** જ છે, ઉપાર્જિત કરેલ નથી કે કોઈથી મળેલ નથી, કોઈના સહયોગથી નથી, પરંતુ સ્વરૂપગત સ્વાભાવિક જ છે. આ શક્તિ 'અનવધિકાતિશય' છે. જેનો કોઈ અવધિ નથી - અમાપ છે.

પરબ્રહ્મ પરમાત્મા અસાધારણ **શક્તિ** ધરાવે છે. શક્તિ શબ્દ તો અનેક અર્થમાં વપરાયેલો છે. તે બધાના સમન્વય રૂપે એવું કહી શકાય કે કાર્યોપયોગી અપૃથક્‌સિદ્ધ વિશેષણને શક્તિ કહેવામાં આવે છે. પરંતુ ભગવાનની શક્તિ સર્વથી વિલક્ષણ છે. જે કોઈનાથી કોઈ પ્રકારે થઈ શકે તેમ ન હોય તે (અઘટિત ઘટના) કરવાના સામર્થ્યને ભગવાનની શક્તિ કહે છે. 'शक्तिर्नाम अघटितघटनासामर्थ्यम् ।' અહીં એવો એક **પ્રશ્ન** થાય કે ભગવાન પોતાની આ વિલક્ષણ શક્તિથી પશુને મનુષ્ય અને મનુષ્યને પશુ, ઘટને પટ અને પટને ઘટ, મરચીને શેરડી અને શેરડીને મરચી, અગ્નિને પાણી અને પાણીને અગ્નિ,

લીંબડાને આંબો અને આંબાને લીંબડો, સ્ત્રીને પુરુષ અને પુરુષને સ્ત્રી, અમૃતને ઝેર અને ઝેરને અમૃત બનાવી શકે ? જો ભગવાન જે તે વસ્તુના સ્વભાવવિરુદ્ધ કાર્ય ન કરી શકે તો શું તેટલું ભગવાનમાં અસામર્થ્ય છે ? ના, ભગવાન તો સર્વસામર્થ્ય અને સર્વૈશ્વર્યથી સંપન્ન છે. તેઓ **'કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તુમ્'** શક્તિ ધરાવે છે. પોતે જ્યારે, જ્યાં, જે રીતે, જે કરવા ધારે તે બધું જ પુરુષાર્થ વગર સંકલ્પમાત્રથી કરી શકે. તેથી શ્રીજીમહારાજ સારંગપુર પ્રકરણના ૧૪મા વચનામૃતમાં કહે છે : "...ભગવાનની ઈચ્છાએ તો જડ હોય તે ચૈતન્ય થઈ જાય અને ચૈતન્ય હોય તે જડ થઈ જાય; કેમ જે ભગવાન તો **અતિ સમર્થ** છે તે જેમ કરે તેમ થાય."

> ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં અસંખ્યાત કલ્યાણકારી ગુણો તથા સામર્થ્ય રહેલું છે. અને તેથી જ જગદ્‌ગુરુ શ્રીરામાનુજાચાર્યજીએ ભગવાનને 'કલ્યાણૈકતાનઃ' પણે નવાજીને શ્રીનારાયણ તરીકે ઉપાસના કરી છે.

તેમ છતાં અહીં એટલું સમજવાનું છે કે, તે તે વસ્તુઓના **સ્વભાવો** ભગવાન દ્વારા જ સ્વસંકલ્પથી અનાદિથી વ્યવસ્થિત અને નિયંત્રિત છે. તેમને જો વારંવાર ફેરવ્યા કરે તો આ વિશ્વમાં કોઈ **વ્યવસ્થા** જળવાઈ રહે નહિ. પોતે કરેલી વ્યવસ્થાને વારંવાર ફેરવી નાખવી એ તો એક જાતનું પાગલપણું કહેવાય, સત્યસંકલ્પતા ન કહેવાય. પોતે કરેલ સંકલ્પ અને વ્યવસ્થાને કદાપિ ફરવા દેવા નહિ એ જ સંકલ્પની ખરી સત્યતા છે. પોતે સ્વતઃ અને સ્વતંત્રપણે સમર્થ હોવા છતાં, તેઓ પોતે જ આ વિશ્વની વ્યવસ્થાને પોતે સામાન્ય સંજોગોમાં જાળવી જ રાખે છે. કોઈક જ વખત, કોઈક જ અસામાન્ય પ્રસંગે અને એ પણ અપવાદ રૂપે કોઈક અતિ શુભ હેતુથી ભગવાન જે તે વસ્તુના સ્વભાવવિરુદ્ધ કાર્ય કરતા હોય છે. બહુધા તો જે તે વસ્તુઓના જે જે સ્વભાવો નિયમિત થયેલા છે તે સ્વકૃત વ્યવસ્થાતંત્ર પ્રમાણે જ કાર્ય કરતા હોય છે.

ભગવાનની શક્તિ અસંખ્યાત, સ્વાભાવિક-અનવધિકાતિશય (જેના ઉત્કર્ષ કરતા અધિક ઉત્કર્ષ બીજા કોઈની શક્તિમાં નથી), સ્વતઃ સ્વતંત્ર (અન્યને આધીન નહિ) અને અપરિચ્છિન્ન અર્થાત્ અનંત-અપાર છે. આ રીતે પરમાત્માની શક્તિમાં અનેક વિલક્ષણ **વિશેષતાઓ** છે, જે સર્વોત્કૃષ્ટતાનો નિર્દેશ કરે છે. તેથી તો શાસ્ત્રોમાં ભગવાનની શક્તિ માટે અનંત શક્તિ, અદ્‌ભુત શક્તિ, અચિંત્ય શક્તિ, અતકર્ય શક્તિ, અઘટિત-ઘટના શક્તિ, યોગકળા-યોગશક્તિ, યોગમાયા, વિચિત્ર શક્તિ, વિવિધ શક્તિ, વિલક્ષણ શક્તિ, દિવ્ય શક્તિ, અસાધારણ શક્તિ, નિરંકુશ શક્તિ, મહાશક્તિ અને અલૌકિક શક્તિ જેવા **સાર્થક શબ્દો** પ્રયોજાયા છે.

'ઓરડાના પદો'માં શ્રીમુખના છેલ્લા બે પદોમાં **ભગવાન શ્રીહરિ** સ્વયં કહે છે :

**'અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;**<br>
**મારી મરજી વિના રે કોઈથી તરણું ન તોડાય.**<br>
**જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;**<br>
**સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન.'**

આપણા ધર્મગ્રંથો-શાસ્ત્રોમાં ભગવાન શ્રીહરિની 'કર્તુમ્-અકર્તુમ્-અન્યથાકર્તુમ્' આ ત્રણ **મહાશક્તિનું વર્ણન** કરવામાં આવ્યું છે.

**કર્તુમ્ શક્તિ :-** જે સૃષ્ટિમાં નિયમિત પ્રમાણે કાળ-કર્મ-માયા શક્તિ દ્વારા સૃષ્ટિનું સર્જન થયા કરે છે તે ભગવાનની 'કર્તુમ્' શક્તિને પામીને થાય છે.

**દા.ત.** શ્રીજીમહારાજ ગઢડા અંત્ય પ્રકરણના છેલ્લા વચનામૃતમાં કહે છે : "ભગવાને જગતમાં વિચિત્ર સૃષ્ટિ કેવી કરી છે ને તેમાં કેવું ડહાપણ કર્યું છે ? જે, જુવોને, 'માણસમાંથી માણસ થાય છે, પશુમાંથી પશુ થાય છે, ઝાડમાંથી ઝાડ થાય છે, કીડામાંથી કીડો થાય છે. અને માણસના અંગમાંથી કોઈક અંગનો ભંગ થઈ ગયો હોય ને ગમે તેવો ડાહ્યો હોય તો પણ એ અંગને તેવું ને તેવું કરવાને સમર્થ કોઈ રીતે ન જ થાય.' ઈત્યાદિ અનેક કળા ભગવાનમાં રહી છે."

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પણ ચોસઠપદીના ૨૯મા પદમાં લખે છે :

**'જેણે રચ્યું આ જગત, જોને જુજવી જાતનું રે;**<br>
**જોતા મુંઝાઈ જાય મત, એવું કર્યું ભાતભાતનું રે.**<br>
**એણે કર્યું એવું એક, થાય નહિ જરૂર જાણિયે રે;**<br>
**વણ કર્યે એ વિવેક, શીદ અભિમાન આણિયે રે.'**

આવાં અનંત આશ્ચર્યોના કરનારા, અને અચિંત્ય શક્તિના ધારક પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પોતે જ છે એવું શ્રીજીમહારાજે વચનામૃતોમાં અનેકવાર કહ્યું છે :

- "...આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય ચંદ્ર ઉદય અસ્તપણાને પામે છે તથા ચંદ્રમાની કળા વધે ઘટે છે તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દશ ઈન્દ્રિયો થઈ આવે છે તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે એવા અનંત આશ્ચર્ય છે તે..." (ગ.પ્ર.પ્ર. ૨૭)

અનંત કાર્યોનું સર્જન કરવું તે 'અન્યથા કર્તુમ્' શક્તિ છે.

ભગવાન શ્રીહરિ વચનામૃતમાં કહે છે :

- "...વડવાનળ અગ્નિ છે તે સમુદ્રના જળને વિષે રહ્યો છે અને સમુદ્રના જળને પીએ છે ને સમુદ્રનો ઓલાવ્યો ઓલાતો નથી." (પ્ર. પ્ર. ૭૨)

- "...અને એવી રીતની જે નટની માયા તે પણ કળ્યામાં કોઈને આવતી નથી તો ભગવાનની યોગમાયા કળ્યામાં કેમ આવે?" (પંચા. પ્ર. ૪)

એ યોગમાયા કેવી છે ? તો

- "...પચાસ કરોડ યોજન જે પૃથ્વીનું મંડળ છે તે પ્રલયકાળને વિષે પરમાણુરૂપ થઈ જાય છે અને તે પૃથ્વી પાછી સૃષ્ટિકાળને વિષે પરમાણુમાંથી પચાસ કરોડ યોજન થાય છે. અને ચોમાસું આવે છે ત્યારે ગાજવીજ ને મેઘની ઘટા થઈ આવે છે એ આદિક સર્વે આશ્ચર્ય તે ભગવાનની યોગમાયાએ કરીને થાય છે." (પ્ર. પ્ર. ૬૪)

આ રીતે ભગવાન શ્રીહરિ અનંત શક્તિધર, સર્જનહાર અને પરબ્રહ્મ છે. ભગવાન શ્રીહરિએ પોતાના સમર્થપણાના અનેક ઐશ્વર્ય-પ્રતાપ દેખાડ્યા છે. જેવા કે :

- મેઉ ગામમાં ભુખણ ભાવસારના કુટુંબીજન એક બાઈને ત્યાં હાથ-પગ વિનાનું રૂંઢમૂંઢ જન્મેલ બાળકથી પીડિત તેની માતાના અસહ્ય દુઃખથી કરુણાનિધાન ભગવાન શ્રીહરિએ તે બાળકને પોતાના ખોળામાં લઈને બાળકના શરીર ઉપર પોતાના હસ્તકમળ ફેરવીને રૂંઢમૂંઢ શરીરમાંથી અમાનુષિક ચરિત્ર કરીને બંને હાથપગ ખેંચી કાઢ્યા અને કિલકિલાટ કરતું અને રમતું બાળક, ભાવસાર બાઈને પાછું અપાવ્યું હતું.
- સરધારના મૂંગા હસનના મોઢામાં ચકલી બોલાવી બોલતો કર્યો અને રૂંઢમૂંઢ સ્થિતિમાંથી નાથાને બહાર કાઢી હાથપગ આપ્યા.
- આખા-પીપલાણા-મેઘપુરમાં છ-છ માસ સુધી બે સ્વરૂપે સંતો-ભક્તોએ સહિત રહી મહાવિષ્ણુયાગ કર્યો અને છ-છ માસ સુધી બ્રાહ્મણોની ચોર્યાસી કરી.
- બાબા દીવાનને કરિયાણામાં મીણબાઈના ઘેર એક લાખનું સૈન્ય બતાવી ભગાડ્યો.
- લોજમાં નારીઓને છાણના પોદળામાં બ્રહ્માંડની વિચિત્ર સૃષ્ટિ, પહાડો, નદીઓ અને ચૌદ લોકની રચના દેખાડી; તેને ભ્રાંતિમાં નાંખીને છાણ લઈ લેતા. કોઈકને તો દેવ, મનુષ્ય, વાદળાં, વીજળી, વરસાદ વગેરે બ્રહ્માંડનું દર્શન કરાવ્યું. તેમજ ૧૮ મણ ચીભડાની ગાંસડી પોતાના માથે ઉપાડી છતાં પણ થાક નહિ.
- કુરુક્ષેત્રમાં આખા સૈન્યને પોતાનાં વિરાટ સ્વરૂપમાં હોમાતું હોય તેમ અર્જુનને દેખાડ્યું.
- માતા યશોદાજીને મુખમાં બ્રહ્માંડ બતાવ્યું.

તેથી જ દુલા ભાયા **કાગબાપુ** ગાય છે :

કળા અપરંપાર વાલા એમાં પહોંચે નહિ વિચાર,
એવી તારી કળા અપરંપારજી...ટેક૦
હરિવર તું કયે હથોડે આવા ઘાટ છો ઘડનારજી;
બાળકને પ્રભુ માતપિતાની, કેમ આવે અણસાર...એવી૦ ૧
અણુમાં આખો વડ સંકેલ્યો, એનાં મૂળ ઊંધા મોરારજી;
કીડીનાં આંતર કેમ ઘડીયાં, સૃષ્ટિના સરજનહાર...એવી૦ ૨
જન્મ્યા પહેલા દૂધ જુગતે, કીધું તેં તૈયારજી;
મોરનાં ઈંડામાં રંગ મોહન, કેમ પૂર્યા કિરતાર...એવી૦ ૩
કોણ બોલે કોણ કલ્પે, હા કે ના કહેનારજી;
પરસેવાની લીખ પંડની, તાગે ન તારણહાર...એવી૦ ૪
અણુ અણુમાં ઈશ્વર તારો ભાસે છે ભણકારજી;
કાગ કહે કઠણાઈ થઈ તોય આવે નહીં ઈતબાર...એવી૦ ૫

'परमात्मा च सर्वेषामाधारः परमेश्वरः । विश्वं बिभर्ति भुवनस्य नाभिः ।।' - જેમ ધરી ચક્રનો આધાર બની રહે છે તેમ સમસ્ત વિશ્વની ધરી રૂપ પરમેશ્વર છે. 'मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ।' - જેમ માળાના મણકામાં દોરો પરોવાઈને બધા મણકાઓને ધારણ કરે છે તેમ સર્વ જગતને ભગવાન અનંતરૂપે ધારણ કરે છે.

તો પ્રશ્ન થાય કે, બધાને ધારી રહ્યા છે તો પોતે જ્યાં ઊભા છે એ પૃથ્વીએ તો ભગવાનને ધાર્યા કહેવાય ને ?

પરંતુ ભગવાન સર્વાધારપણે સમસ્ત વિશ્વમાં રહ્યા છે પણ કોઈના આધાર પર નિર્ભર નથી. ભગવાન સ્વયં નિરાધાર સ્વતંત્રપણે બિરાજમાન છે.

શ્રીજીમહારાજ લોયા પ્રકરણના ૧૩મા **વચનામૃત**માં કહે છે : "સ્વયં અક્ષરને પણ પોતાનામાં લીન કરીને સ્વરાટ્ થકા બિરાજમાન રહી શકે છે." જેમ દોરાને આધારે મણકા છે પણ મણકાને આધારે દોરો નથી.

આ જગતમાં ભૂતપ્રાણી, મનુષ્યો, દેવો, ઈશ્વરો તમામને નાના-મોટા કાર્યોને ધારણ કરવાનું જે કાંઈક સામર્થ્ય દેખાય છે તે પણ પરમેશ્વરના બળનાં અંશ છે. તેથી જ કહ્યું છે કે, 'बलं बलवतां चाहं ।' - ભગવાનના સામર્થ્ય-બળ-ઐશ્વર્યમાં એ **વિશેષતા** છે કે આટલા મોટા વિશાળ વિશ્વને અનંતકાળ સુધી યથાર્થ ટકાવવું, ચલાવવું તેમાં ભગવાનને લેશમાત્ર શ્રમ કે કંટાળો નથી.

આપણે થોડાક કામમાં થાકી-કંટાળી જઈએ છીએ. કારણ કે, આપણી શક્તિનો હ્રાસ થાય છે. જ્યારે ભગવાનની સંકલ્પ શક્તિથી સર્વે કાર્ય થાય છે. આ જગતને ધારણ કરવામાં ભગવાનને લેશમાત્ર થાક, પરિશ્રમ, કંટાળો કે ઉદાસીનતા થતી નથી અને તેથી જ ભગવાનને 'महाबलः' કહ્યા છે.

પરબ્રહ્મ પરમાત્મામાં બળ અપરંપાર છે. બળનો અર્થ થાય છે સર્વેને ધારણ કરવાનું સામર્થ્ય. પોતાની સર્વજ્ઞતાયુક્ત મહાશક્તિથી વિચિત્ર સૃષ્ટિના સર્જન પછી તેને જેમ છે તેમ

ધારી રાખવું એટલું જ **મહત્ત્વનું કાર્ય** છે. ભગવાને જેવું આ જગત રચ્યું છે તેને તેવા જ રૂપમાં જો તેઓ ધારી ન રાખે તો અત્યારે જે ચિત્-અચિત્ સ્વરૂપ વિભાગથી, જ્ઞાની-અજ્ઞાની સ્વભાવ-વિભાગથી, સત્-અસત્-વિવેકથી અને સ્વર્ગ, પૃથ્વી, પાતાલાદિક સ્થાન-વિભાગથી પૃથક્ પૃથક્ વર્તે છે તે વર્તે નહિ. પ્રત્યેક પદાર્થના સ્વરૂપ-સ્વભાવની જે પૃથક્ પૃથક્ વ્યવસ્થા યથાપૂર્વ એકધારી રહ્યા કરે છે તે ન રહે. પરસ્પર બધું જ ભેળસેળ થઈ જાય અને વિશ્વ રચવાનો સઘળો દાખડો નિષ્ફળ થઈ જાય. માટે તેને યથાપૂર્વ ધારી રાખવાની ખાસ જરૂર પડે છે. અત્યારે જે એક સ્થિતિબદ્ધ **વિશ્વવ્યવસ્થા** જોવામાં આવે છે તે પરમાત્માના ધારણ-સામર્થ્યરૂપ મહામળનો **પ્રબળ પ્રતાપ** છે. માટે જ પરમાત્માને **સર્વાધાર** માનવામાં આવે છે.

> આ જગતમાં જીવો, ઈશ્વરો વગેરે જે કાંઈ કરી શકે છે તેનું કારણ તો ભગવાનની **અસાધારણ શક્તિ** જ છે. તે સર્વેને શક્તિ આપનારા પરબ્રહ્મ **પરમાત્મા** જ છે. જો ભગવાન પોતાની શક્તિ કોઈને ન આપે તો કોઈ પોતાની મેળે કંઈ પણ કરવા સમર્થ નથી.

આ સર્વ સૃષ્ટિનું સંચાલન એક ભગવાન જ કરે છે. પરંતુ જેમ કોઈ રાજા પોતાના રાજ્યનું નિયમન કરે છે તેમ નથી કરતા. રાજા પોતાની પ્રજાનું નિયમન કરે છે તે તો કેવળ બહારથી જ કરે છે. માટે પૂર્ણ રીતે નિયમન થઈ શકતું નથી. જ્યારે રાજાનું રાજ્ય કે પ્રજા પર નિયમન ન હોય તો રાજ્યની પ્રજા સ્વચ્છંદી સ્વતંત્ર બની જાય અને તમામ વ્યવસ્થા છિન્ન-ભિન્ન થઈ જાય છે. પરંતુ ભગવાન તો વિશ્વનું બાહ્ય તેમજ અંતર્યામીરૂપે સમગ્ર વિશ્વમાં જીવપ્રાણીમાત્રમાં રહીને **નિયમન** કરે છે. બધા જીવપ્રાણીમાત્રને વિષે રહીને ક્રિયાશક્તિ, ઈચ્છાશક્તિ ને જ્ઞાનશક્તિ આપનારા ભગવાન જ છે.

આ જગતમાં જીવો, ઈશ્વરો વગેરે જે કાંઈ કરી શકે છે તેનું કારણ તો ભગવાનની **અસાધારણ શક્તિ** જ છે. તે સર્વેને શક્તિ આપનારા પરબ્રહ્મ **પરમાત્મા** જ છે. જો ભગવાન પોતાની શક્તિ કોઈને ન આપે તો કોઈ પોતાની મેળે કંઈ પણ કરવા સમર્થ નથી. ભગવાનની ત્રણ પ્રકારની શક્તિ કેવી રીતે કાર્ય કરે છે તેનું નિરૂપણ શ્રીજીમહારાજ ગઢડા પ્રકરણના ૬૫મા **વચનામૃત**માં કરે છે : "...એ સુષુપ્તિ અવસ્થાને આ જીવ પામે છે ત્યારે જેવી પાણાની શિલા હોય તે જેવો જડ થઈ જાય છે અને એને કોઈ પ્રકારનું જ્ઞાન રહેતું નથી જે, 'હું પંડિત છું કે મૂર્ખ છું, કે આ કામ કર્યું છે કે આ કામ કરવું છે કે આ મારી જાતિ છે કે આવો મારો વર્ણ છે કે આવો મારો આશ્રમ છે, કે આ મારું નામ છે કે આ મારું રૂપ છે કે હું દેવ છું કે મનુષ્ય છું, કે બાળક છું કે વૃદ્ધ છું કે ધર્મિષ્ઠ છું કે પાપિષ્ઠ છું' ઈત્યાદિક કોઈ પ્રકારનું જ્ઞાન રહેતું નથી. અને એવી રીતનો જ્યારે આ જીવ થઈ જાય છે ત્યારે જે ભગવાન છે તે એને જ્ઞાનશક્તિએ કરીને સુષુપ્તિમાંથી જગાડીને એને એની સર્વે ક્રિયાનું જ્ઞાન આપે છે તેને **જ્ઞાનશક્તિ** કહીએ. અને એ જીવ જે જે ક્રિયાને વિષે પ્રવર્તે છે તે ભગવાનની જે ક્રિયાશક્તિ તેનું અવલંબન કરીનો પ્રવર્તો છે તેનો **ક્રિયાશક્તિ** કહીએ. અને એ જીવ જે જે કોઈ પદાર્થની ઈચ્છાને પ્રાપ્ત થાય છે, તે પરમેશ્વરની ઈચ્છાશક્તિને અવલબંને કરીને પ્રાપ્ત થાય છે તેને **ઈચ્છાશક્તિ** કહીએ."

વળી, ભગવાન જીવો-ઈશ્વરોને દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણાદિક સાધનો તથા આ સમગ્ર સૃષ્ટિનું સર્જન કરી આપીને કાર્ય કરવા માટે અનુકૂળ સંજોગો ઉપસ્થિત કરી આપે છે. તેથી જીવ-ઈશ્વરોનું કર્તૃત્વ પણ તદ્દન ભગવાનના કર્તૃત્વને આધીન છે. આ રીતે ભગવાન સર્વે શક્તિને આપનારા છે.

ભગવાનની મરજી વિના કોઈપણ જીવ કે ઈશ્વરો કાંઈ કરી જ શકતા નથી. અને માટે જ યુગોના યુગો ચાલ્યા ગયા છતાં પણ સૃષ્ટિના કોઈપણ કાર્યમાં એક તલભાર પણ ફેરફાર કોઈ કરી શક્યું નથી. આ એ જ બતાવે છે કે, આ જગતના કર્તા-હર્તા સર્વસ્વ પ્રવર્તાવનારા સર્વેના સ્વામી એક જ ભગવાન શ્રીહરિ છે.

પરબ્રહ્મ પરમાત્મા એક સર્વકર્તા અને સર્વકારણના કારણ છે એવું શ્રીજીમહારાજે વચનામૃતમાં અનેકવાર કહ્યું છે. જેમ કે,

- "...ભગવાન વિના સૂકું પાંદડું પણ ફરવાને સમર્થ નથી." (ગ. પ્ર. પ્ર. ૩૭)

- "...આ ભગવાન છે તે... સર્વના કર્તા છે. અને પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણ ગુણ, ચોવીસ તત્ત્વો, બ્રહ્માદિક દેવ એ કોઈને આ બ્રહ્માંડના કર્તા જાણે નહિ, એક ભગવાન પુરુષોત્તમને જ કર્તા જાણે." (ગ. પ્ર. પ્ર. ૫૯)

- "...સર્વ (કાળ, કર્મ, સ્વભાવ, માયા કે પુરુષ) થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે ને સર્વના કર્તા જાણે." (ગ. પ્ર. પ્ર. ૬૨)

- "...એ ભગવાનનું કર્યું સર્વે થાય છે." (ગ. પ્ર. પ્ર. ૭૪)

- "...તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી. અને અનંતકોટિ બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે અને તેને વિષે સુખદુઃખનો જીવોને સંબંધ થાય છે, તે સર્વે પુરુષોત્તમ ભગવાનના હાથમાં છે. જેટલું ભગવાન કરે તેટલું જ થાય છે." (ગ. પ્ર. પ્ર. ૭૮)

- "...પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું જ કર્યું સર્વે થાય છે, પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી." (કા. પ્ર. ૧૦)

- "...ભગવાન મનુષ્ય જેવા જણાય તોપણ એ ભગવાન સર્વના કારણ છે અને સર્વના કર્તા છે ને સમર્થ છે." (લો. પ્ર. ૨)

- "...એવો જે જ્ઞાની તે તો સદા સાકારમૂર્તિ એવા જે પ્રત્યક્ષ ભગવાન તેને પ્રકૃતિપુરુષ, અક્ષર તે થકી પર ને સર્વના કારણ, સર્વના આધાર જાણીને અનન્યપણે સેવે છે." (લો. પ્ર. ૭)

- "...ભગવાન તો સર્વના કર્તા છે ને પરમેશ્વર છે ને સર્વના ભોક્તા છે. માટે જે જે ક્રિયા પ્રવર્તે છે તે અન્વયપણે નિયંતારૂપે કરીને સર્વને વિષે રહ્યા જે ભગવાન તે થકી જ પ્રવર્તે છે." (લો. પ્ર. ૧૨)

- "...પુરુષોત્તમ નારાયણ તે સર્વકર્તા છે, સર્વકારણ છે, સર્વનિયંતા છે, અતિ રૂપવાન છે, અતિ તેજસ્વી છે, અતિ સમર્થ છે અને કર્તુમકર્તુમન્યથાકર્તુ સમર્થ છે." (લો. પ્ર. ૧૩)

- "...પુરુષોત્તમ છે તે જીવ-માયાના નિયંતા છે ને સર્વના કારણ છે." (લો. પ્ર. ૧૪)

- "...પરમેશ્વર છે તે તો દેશ, કાળ, કર્મ, માયા એ સર્વના પ્રેરક છે અને પોતાની ઈચ્છાએ કરીને દેશકાળાદિકનું પ્રધાનપણું રહેવા દે છે પણ સર્વે પરમેશ્વરને આધારે છે. જેમ શિશુમારચક્ર છે તે ધ્રુવમંડળને આધારે છે અને જેમ પ્રજા સર્વે રાજાને આધારે છે, તેમાં દીવાન હોય તથા વજીર હોય તેનું રાજા ચાલવા દે તેટલું ચાલે પણ ન ચાલવા દે ત્યારે એક અણુમાત્ર પણ ન ચાલે. તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર પણ ન ચાલે, માટે સર્વકર્તા તે પરમેશ્વર જ છે." (ગ. મ. પ્ર. ૨૧)

- "...એ ભગવાન કેવા છે ? તો ક્ષર-અક્ષર થકી પર છે ને સર્વકારણના પણ કારણ છે." (ગ. અં. પ્ર. ૩૧)

- "...ભગવાન સર્વના કારણ છે, સર્વના નિયંતા છે." (ગ. અં. પ્ર. ૩૨)

ઉપરોક્ત સર્વે વચનામૃતોના સંદર્ભોમાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ** સમજાવે છે કે, પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ જ 'સર્વકર્તાહર્તા' છે, એમનું જ કર્યું સર્વે થાય છે, એમની ઈચ્છા વિના કોઈ સૂકું પાંદડું પણ ફેરવવા સમર્થ નથી. ભગવાન સર્વકર્તાહર્તા છે એટલે કે, અનંતકોટિ બ્રહ્માંડ તથા સમગ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના પણ કર્તા છે. એવું પણ શ્રીજીમહારાજે ઘણા વચનામૃતોમાં સમજાવ્યું છે :

- "...એ ભગવાન વિના બીજો કોઈ જગતનો કર્તા છે જ નહિ." (ગ. પ્ર. પ્ર. ૩૭)

- "...તે અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે છે; તે સર્વેની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેના કર્તા છે, ને તે સર્વેના કારણ છે." (ગ. પ્ર. પ્ર. ૫૧)

- "...સર્વના કારણરૂપ એવા ભગવાન તે મનુષ્ય જેવા છે તોપણ પોતાના અંગમાંથી યોગકળાએ કરીને અનંતકોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને સમર્થ છે ને પાછાં પોતાને વિષે લય કરવાને સમર્થ છે." (લો. પ્ર. ૨)

- "...જે ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયને કરે છે." (લો. પ્ર. ૧૭)

- "...ભગવાન જે તે આ જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેના કર્તા છે." (પંચા. પ્ર. ૧)

- "...ભગવાન થકી જ સર્વ સ્થાવર-જંગમ સૃષ્ટિ થાય છે." (ગ. મ. પ્ર. ૧૦)

- "...એ ભગવાન... અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે ને લક્ષ્મીના પતિ છે અને અનંતકોટિ બ્રહ્માંડના કર્તાહર્તા છે." (ગ. મ. પ્ર. ૫૩)

- "...આ સર્વ જગતના કર્તાહર્તા છે." (વર. પ્ર. ૨)

- "...અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણભગવાન રહ્યા છે, તે... અનંતકોટિ બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે." (વર. પ્ર. ૧૮)

- "...માટે ભગવાન તો સદા સાકાર જ છે ને અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે." (ગ. અં. પ્ર. ૩૫)

અનંતકોટિ બ્રહ્માંડરૂપ આ સમગ્ર જગતના કર્તાહર્તા **પરબ્રહ્મ** પુરુષોત્તમનારાયણ છે.

'ઓરડાના પદો'માં શ્રીમુખના છેલ્લા બે પદોમાં **ભગવાન શ્રીહરિ** સ્વયં કહે છે :

**'જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;**
**સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન.**
**અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;**
**મારી મરજી વિના રે કોઈથી તરણું ન તોડાય.'**

માછલું જેમ જળ વિના નષ્ટપ્રાય થઈ જાય છે તેમ ભગવાન વિના વિશ્વ ટકી શકતું નથી. કારણ ભગવાન જગતના આત્મારૂપ થઈને સર્વેનું ધારણ-નિયમન કરે છે.

કરુણા માટે પ્રથમ કહ્યું તે મુજબ કરુણાવાન સમર્થ હોવા જોઈએ. તો ભગવાન શ્રીહરિ સર્વસમર્થ છે. સર્વકર્તા છે, સર્વનિયંતા છે, નિરવધિકાતિશય **સમર્થ** છે. અને સાથે સાથે નિરવધિકાતિશય **કરુણાશીલ** છે.

ભગવાનની કરુણાનો મહિમા ગાતા સ.ગુ. શ્રી **બ્રહ્માનંદ સ્વામી** કહે છે :

**કહાં કહું હરિ કરુણા તેરી;**
**પશુ મીટાઆઈ મનુષ્ય મોઈ કીનો,**
**અન્નજળ પોષત સાંજ સબેરી...કહાં૦૧**
**ગર્ભવાસ મહીં પચ્યો અધોમુખ**
**જઠર અગ્નિ તન દાહ ઘનેરી;**
**તેહી દુઃખતે મોંય રાખી લીયો તુમ,**
**નાથ તુમ હી મેરો હાથ ગ્રહેરી...કહાં૦૨**

બહાર આય ભયો ઉન્મત્ત મેં,
જઠર ત્રાસ સબ હી બિસરેરી;
તુમકું ભૂલ ફૂલ તો ફરીતહું,
કહી ન જાત મૂરખતા મેરી...કહાં૦૩
પરાપાર પૂરણ પુરુષોત્તમ,
સો મોકાજ નર દેહ ધરેરી;
બ્રહ્માનંદ કહત પ્રભુ તુમકું,
દયાસિંધુ સબ ભેદ કહેરી...કહાં૦૪

આ જીવને પરમાત્માની કરુણા સમજાય જાય તો સહેજે ભગવાનમાં પ્રેમ થાય છે. ભગવાન શ્રીહરિની પહેલી **કરુણા** તો એ છે કે, આપણને મનુષ્યનો દેહ આપ્યો. કોઈ વ્યક્તિને એમ થાય કે મારે ઊંટ થવું હતું ને ન થવાયું. કોઈને એમ થાય કે મારે કૂતરો, ગધેડો, પાડો, ઘોડો કે ભૂંડ થવું હતું પણ ન થવાયું. તો પછી મનુષ્ય થઈને બેઠા છીએ એ વ્યક્તિના ક્યાંય આયોજનમાં કે પ્લાનમાં હતું?

સત્પુરુષો કહે છે કે, આપણે આપણી જન્મતારીખ લખાવવા નથી જઈ શકતા અને આપણે આપણી મરણ તારીખ લખાવવા પણ નથી જઈ શકતા. આપણી ઈચ્છાથી જન્મી શકતા નથી ને મરી પણ શકતા નથી. જે કરે છે તે કેવળ ભગવાનની કરુણા જ કરે છે.

જાતિ-કુળ-રંગ-રૂપ બધું જ ભગવાન પોતે પસંદ કરીને જ આપે છે. આ વાત આપણે સ્વીકારીએ કે ન સ્વીકારીએ પણ એમ જ છે. અને આપણે માણસ થવું હતું ને પાડો થવાઈ ગયું તો ક્યાં ફરિયાદ નોંધાવવા જવું ? કાંઈ ચાલે આપણું ? જો ચાલતું હોય તો જન્મ્યા પહેલા જ આપણે ભગવાન પાસે લીસ્ટ મૂકી દીધું હોય કે મને મનુષ્ય જન્મ જ જોઈએ, અને આ સ્થાનમાં કે આ પરિવારમાં જ.

અસંખ્ય જીવો આ બ્રહ્માંડમાં છે. આપણે અંગુઠો મૂકી શકીએ એટલી જગ્યાય ખાલી નથી, આકાશમાં એટલા જીવો છે. બધા જ મનુષ્ય દેહ લેવા તલસે છે.

હિન્દુ ધર્મગ્રંથોમાં જીવાત્માને ૮૪ લાખ જાતની યોનિમાં ભટકતો દર્શાવ્યો છે. જ્યાં સુધી બંધનના મૂળભૂત કારણરૂપ અને જીવ સાથે અનાદિથી રહેલ અજ્ઞાન-અવિદ્યા-માયારૂપ કારણ દેહ, વાસના, આસક્તિમાંથી જીવ મુક્ત ન થાય ત્યાં સુધી જીવાત્માને ૮૪ લાખ જાતની યોનિમાં જન્મમરણના આ ભવાટવીના ચક્રમાં ભટકવું પડે છે. તેમાં મનુષ્ય જન્મ મળવો અત્યંત દુર્લભ પણ છે. તે વારંવાર મળતો નથી. તેથી જ આપણા શાસ્ત્રકારો મનુષ્ય દેહની દુર્લભતા સમજાવતાં કહે છે :

'नृदेहं दुर्लभं लब्ध्वा जीवाः सदुपदेशतः । हर्युन्मुखा ये जायन्ते ते तरन्ति भवाम्बुधिम् ।।९१।। चिन्तामणिसमो ज्ञेयो नृदेहोऽयं विचक्षणैः । स्वर्गो मोक्षस्तदन्यद्वा स्वेप्सितं प्राप्यतेऽमुना ।।९२।।' - જે જીવો દુર્લભ મનુષ્યદેહ પામીને સાધુજનોના ઉપદેશથી શ્રીકૃષ્ણ પરમાત્માના આશ્રયવાળા થાય છે તે જીવો સંસારસાગર તરે છે. સત્અસત્ના વિવેકીજનોએ આ મનુષ્યદેહ ચિંતામણિ સમાન જાણવો, કારણ કે મનુષ્યદેહથી સ્વર્ગ-મોક્ષ અને બીજું પણ પોતાને ઈચ્છિત પ્રાપ્ત થાય છે. (શ્રી સત્સંગિજીવન : ૨/૭/૯૧-૯૨)

'कदाचिल्लभते जन्तुर्मानुष्यं पुण्यसञ्चयात् ।' - અનંત જન્મના પુણ્ય ઉદય થાય છે ત્યારે કોઈક વખત આ જીવ મનુષ્ય જન્મ પામે છે. (વિષ્ણુ પુરાણ : ૨/૩/૨૩)

'गायन्ति देवा किल गीतकानि धन्यास्तु ये भारतभूमिभागे । स्वर्गापवर्गास्पदमार्गभूते भवन्ति भूयः पुरुषाः सुरत्वात् ।।' - ભરતખંડની ભૂમિ જે સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરવામાં હેતુભૂત છે, તેમાં જન્મ પામેલાઓના ધન્યભાગ્ય વર્ણવતાં દેવો પણ તેવા મનુષ્યના **યશોગાન** ગાય છે અને પોતાનો દેવતાનો દેહ ત્યાગ કરી ભરતખંડમાં મનુષ્ય જન્મ ઈચ્છે છે. (વિષ્ણુ પુરાણ : ૨/૩/૨૪)

અહો ! બધા જન્મોમાં મનુષ્ય જન્મ જ શ્રેષ્ઠ છે. બીજા દેવાદિ જન્મો પ્રાપ્ત થાય તોપણ તેથી શું લાભ થાય છે ? (શ્રીમદ્ ભાગવત : ૫/૧૩/૨૧)

દેવતાઓ ભરતખંડમાં **મનુષ્ય જન્મ** પામેલાઓના **પરમ ભાગ્યની** પ્રશંસા કરતા કહે છે : 'अहो अमीषां किमकारि शोभनं, प्रसन्न एषां स्विदुत स्वयं हरिः । यै र्जन्म लब्धं नृषु भारताजिरे, मुकुन्द-सेवोपयिकं स्पृहा हि नः ।।' - "અહો ! આ ભારતવર્ષના મનુષ્યોએ કયા પુણ્ય કર્યા હશે ? અથવા શ્રીહરિ પોતે શું તેઓના પર પ્રસન્ન થયા હશે કે જેઓ શ્રીહરિની સેવામાં ઉપયોગી એવો આ મનુષ્ય જન્મ આ ભારતવર્ષના આંગણામાં પામ્યા છે, જેને માટે અમને પણ ઝંખના છે." (શ્રીમદ્ ભાગવત : ૫/૧૯/૨૧)

'दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ।' - મનુષ્ય જન્મ દુર્લભ છે અને તે પણ નાશવંત છે, છતાં ઈચ્છિત અર્થ આપનાર છે. (શ્રીમદ્ ભાગવત : ૭/૬/૧)

'दुर्लभो मानुषो देहो देहिनां क्षणभंगुरः ।' - જીવોને પ્રાપ્ત થયેલ આ મનુષ્ય જન્મ દુર્લભ છે, અને વળી તે પાણીના પરપોટા જેવો ક્ષણભંગુર છે. (શ્રીમદ્ ભાગવત : ૧૧/૨/૨૯)

ગોસ્વામી **તુલસીદાસજી** કહે છે : **'બડે ભાગ્ય મનુષ્ય તનુ પાવા, સુર દુર્લભ સબ ગ્રંથ હી ગાવા.'** (શ્રીરામ ચરિત્ર માનસ : ૭/૬૪/૭)

ભગવાન શ્રી સ્વામિનારાયણ ખગોળ-ભૂગોળના વચનામૃતમાં આ જ વાત સમજાવતાં કહે છે : "ભરતખંડમાં મનુષ્યનો દેહ પામવો તે અતિ દુર્લભ છે, ચિંતામણિ તુલ્ય છે, જે દેહને ઈન્દ્રાદિક દેવતા ઈચ્છે છે. તે દેવતાને વિષય ને વૈભવ-વિલાસ ને આયુષ્ય તે તો મનુષ્યના થકી ઘણું અધિક છે, પણ ત્યાં મોક્ષનું સાધન નથી થાતું. મોક્ષનું સાધન તો ભરતખંડને વિષે મનુષ્ય દેહ પામ્યા થકી જ થાય છે. તે વિના

બીજે કોઈ ઠેકાણે ને કોઈ દેહને વિષે થાતું નથી. એ હેતુ માટે સર્વ દેશથી મૃત્યુલોકમાં ભરતખંડને વિષે મનુષ્યનો દેહ પામવો તે અધિક છે. તેને તુલ્ય બીજું કોઈ ચૌદ લોકમાં સ્થાનક નથી.''

ભગવાન શ્રી સ્વામિનારાયણ સં. ૧૮૬૩માં ગઢપુર ભક્તિબાગમાં હરમાના વૃક્ષ નીચે બેસીને શુકાનંદ સ્વામી પાસે હરિભક્તો ઉપર મનુષ્ય દેહની દુર્લભતા વર્ણવતો **પત્ર** લખાવ્યો હતો. તેનું **વર્ણન** કરતા પ.પૂ ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં કહે છે :

'ભરતખંડમાં માનવ દેહ, મળવો અતિ દુર્લભ તેહ; દેહ ચિંતામણીસમ એ છે, ઈન્દ્ર આદિક એને ઇચ્છે છે.
સુખ જે પંચવિષયો તણાં, તે તો સ્વર્ગ આદિકમાં છે ઘણાં;
વળી આયુષ્ય તો દેવતાનું, ઘણું લાંબું છે તે નથી છાનું.
પણ મોક્ષ મળ્યાનો ઉપાય, ભરતખંડમાં જન તને થાય;
બીજે દેહે કે બીજે ઠેકાણે, નથી થાતો તે તો સહું જાણે.
નહિ દેહ મનુષ્ય સમાન, ભરતખંડ સમું નહિ સ્થાન;
ચૌદ લોક વિષે ધરી ચિત્ત, ભલે જૈ જુવે કોઈ ખચીત.'

(શ્રીહરિલીલામૃત : ૬/૧૧)

ભરતખંડમાં મનુષ્ય દેહ પામવો તે અતિદુર્લભ છે અને ચિંતામણી તુલ્ય છે. જે દેહને ઈન્દ્રાદિક દેવતાઓ પણ ઈચ્છે છે. તે દેવતાઓને વિષય, વૈભવ, વિલાસ અને આયુષ્ય તે તો મનુષ્ય થકી ઘણું અધિક છે, પરંતુ ત્યાં મોક્ષનું સાધન નથી થતું. તે તો ભરતખંડને વિષે મનુષ્ય દેહ પામ્યા થકી જ થાય છે તે વિના બીજે કોઈ ઠેકાણે અને કોઈ દેહને વિષે થતું નથી. એ હેતુ માટે સર્વ લોકથી મૃત્યુલોકમાં ભરતખંડને વિષે મનુષ્યનો દેહ પામવો તે અધિક છે, તેને તુલ્ય બીજું કોઈ ચૌદલોકમાં સ્થાનક નથી.

> ભરતખંડમાં મનુષ્ય દેહ પામવો તે અતિદુર્લભ છે અને ચિંતામણી તુલ્ય છે. જે દેહને ઈન્દ્રાદિક દેવતાઓ પણ ઈચ્છે છે. તે દેવતાઓને વિષય, વૈભવ, વિલાસ અને આયુષ્ય તે તો મનુષ્ય થકી ઘણું અધિક છે, પરંતુ ત્યાં મોક્ષનું સાધન નથી થતું.

એકવખત ભગવાન શ્રીકૃષ્ણ તથા અર્જુન માર્ગે ચાલ્યા જતા હતા. અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને **પ્રશ્ન** પૂછ્યો : ''પ્રભુ! મનુષ્ય દેહ ક્યારે મળે ?''

શ્રીકૃષ્ણચંદ્ર પરમાત્માએ **ઉત્તર** આપ્યો : ''ચારસો ગાઉ પાણીની વાવ માથા સુધી ભરેલી હોય, માથાનો એક મુવાળો લઈ, તેના ઊભા ચાર ફાડિયા કરી, એક ફાડિયાના અગ્રભાગથી એ વાવ ઉલેચીએ ને તે જ્યારે ખાલી થાય ત્યારે મનુષ્ય દેહ મળે. આટલો સમય લાગે.''

ત્યારે અર્જુને કહ્યું : ''પ્રભુ! તો તો પછી તમે ના જ પાડો ને કે મનુષ્ય દેહ મળે જ નહીં!''

શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું : ''!ના તો ન કહેવાય, પરંતુ મનુષ્ય દેહ મેળવવામાં આટલો સમય લાગે છે.''

સ.ગુ. શ્રી **દેવાનંદ સ્વામી** કહે છે : 'માણસનો અવતાર મોંઘો નહીં મળે ફરી...', 'મળ્યો મનુષ્ય દેહ ચિંતામણી રે...' અહીં દેવાનંદ સ્વામીએ લખેલા 'ચિંતામણી' શબ્દ દ્વારા મનુષ્ય દેહની દુર્લભતા વધુ સારી રીતે સમજાય છે. કોહિનૂર હીરાની કિંમત સમજાઈ છે તો લોકો તેને જોવા જાય છે. તે જોઈને આનંદ પામે છે, ગર્વ અનુભવે છે. કોહિનૂર હીરા કરતા પારસમણિ અનેકગણો કિંમતી છે, તેથી ચિંતામણિ અનેકગણી કિંમતી છે અને તે ચિંતામણિ તુલ્ય આપણને મળેલો આ મનુષ્ય દેહ છે તે સમજાય તો તેનો પણ આપણને આનંદ રહે.

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** વાતોમાં કહે છે : ''કરોડ રૂપિયા આપતા પણ મનુષ્ય દેહ મળે નહિ.'' (૧/૧૯)

અમેરિકાના વિખ્યાત પ્રો. હેરોલ્ડ મોરોવિટ્ઝે આત્મા વગરના દેહની કિંમત **છ હજાર ટ્રીલીયન** (૬,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦) **ડોલર્સ** આંકી છે. એટલે લગભગ ૩૦૦, ૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ રૂપિયા થાય. શરીરમાં જેટલા રસાયણો હોય છે તેના આધારે તેમણે આ કિંમત આંકી છે. અને તેમાં પ્રાણ પૂરવાની કિંમત તો આંકી શકાય તેમ જ નથી. પરંતુ ધારો કે આ કિંમતને લક્ષમાં રાખીને ચાલીએ અને મનુષ્ય દેહનું આયુષ્ય ૧૦૦ વર્ષનું ગણીએ તો, ૧ સેકંડના સાડા સાત કરોડ રૂપિયા ખર્ચાય છે એમ કહી શકાય. માનવ શરીરની એક સેકંડ કરોડો રૂપિયાની થાય છે. આવો મોંઘો મનુષ્ય જન્મ ભારતભૂમિમાં સામાન્ય રીતે ક્યારે મળે છે ? તે સમજાવતાં **ભગવાન શ્રી સ્વામિનારાયણ** ખગોળ-ભૂગોળના **વચનામૃત**માં કહે છે : ''ત્રીજો પ્રાકૃત પ્રલય તે બ્રહ્માની આયુષ્ય અવધિ (આપણા ૮,૬૪,૦૦,૦૦,૦૦૦ વર્ષનો બ્રહ્માનો ૧ દિવસ એવા ૩૬૦ દિવસનું ૧ વર્ષ, એવા ૧૦૦ વર્ષ બ્રહ્માનું આયુષ્ય)નો કીધો છે. એવા સાડી ત્રણ કોટિ પ્રાકૃત પ્રલય થઈ જાય છે ત્યારે એ જીવ છે તે આવો મનુષ્ય દેહ પામ્યો હોય.''

આવા મનુષ્ય દેહની પ્રાપ્તિમાં નિમિત્તરૂપ એકમાત્ર ભગવાનની કરુણા જ છે, તે સમજાવતાં ગોસ્વામી તુલસીદાસજી 'રામચરિત્રમાનસ'માં કહે છે :

'आकर चारि लच्छ चौरासी । जोनि भ्रमत यह जिव अबिनासी ।।
फिरत सदा माया कर प्रेरा । काल कर्म सुभाव गुन घेरा ।।
कबहुँक करि करुना नर देही । देत ईस बिनु हेतु सनेही ।।
नर तनु भव बारिधि कहुँ बेरो । सन्मुख मरुत अनुग्रह मेरो ।।
करनधार सद्‌गुरु दृढ नावा । दुर्लभ साज सुलभ करि भावा ।।'

કાળ, કર્મ, માયાથી ઘેરાયેલા અને પ્રેરાયેલા

લખચોરાશીમાં ભટકતા આ જીવાત્મા ઉપર જ્યારે ભગવાનની કરુણા થાય છે ત્યારે મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે.

વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** ભગવાન શ્રીહરિની કરુણાનું દર્શન કરાવતાં 'ચોસઠપદી'માં લખે છે :

**'કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જુજવી એ જાત છે રે;**
**મર આપિયે સો સો શીશ, તોયે વણ મળ્યાની વાત છે રે...**
**કિયાં કીડી કરી મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે;**
**કિયાં પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ છે રે...**
**અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકને રે;**
**તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે...**
**તૈયે થાય એનો મેળાપ, જ્યારે નરતન ધરે નાથજી રે;**
**કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય તેને સાથજી રે...'**

જીવના મોક્ષ માટે ભગવાન શ્રીહરિ કરુણા કરીને પૃથ્વી પર પધારે છે. એટલું જ નહિ પણ અનેક મુશ્કેલીઓ વેઠી ભક્તો માટે **સતત વિચરણ** કરે છે. આ તેઓની **અકારણ કરુણા** છે.

એકવખત અંજારમાં હરભમજી સુતાર વગેરે અઠ્ઠાવીસ ગાઉ ચાલીને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શનાર્થે આવ્યા. તેઓએ શ્રીજીમહારાજને પ્રણામ કર્યા પણ મહારાજ મોઢું ફેરવી ગયા. આ જોઈ ભક્તોને થયું : "આપણે આટલે દૂરથી આવ્યા ને ખબર પણ ન પૂછ્યા ? ને મોં ફેરવી ગયા ?" તેથી સૌએ કહ્યું : "મહારાજ ! અમારા સામે જુઓ." ત્યારે મહારાજ બોલ્યા : "આઠ આવરણથી પર અક્ષરધામ છે. ત્યાંથી હું તમારું કલ્યાણ કરવા આવ્યો ને તમારા જેવો થઈને રહ્યો છું. તમારી સેવા અંગીકાર કરું છું. મોટા ઋષિઓનાં લાખો વર્ષના તપના અંતે પણ એના ધ્યાનમાં હું નથી આવ્યો ને તમને નયનગોચર થયો છું. શું આ કંઈ ઓછી કરુણા છે ?"

ભગવાન શ્રીહરિના આ શબ્દો સાંભળતાં સૌને બ્રહ્માનંદ સ્વામીના શબ્દો સ્મૃતિ થઈ આવ્યા કે, **'પરાપાર પૂરણ પુરુષોત્તમ, સો મો કાજ નર દેહ ધરેરી; બ્રહ્માનંદ કહત પ્રભુ તુમકું, દયાસિંધુ સબ ભેદ કહેરી...'**

એકવખત **મેવાસા** ગામને પાદર ચાંપરવડી નદીમાં સ્નાન કરીને શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે બિરાજ્યા હતા. તે સમયે બ્રહ્માનંદ સ્વામી પોતાના મંડળ સાથે ત્યાં દર્શનાર્થે પધાર્યા. તે વખતે શ્રીજીમહારાજે પૂછ્યું : "સ્વામી ! દેશમાં સત્સંગ કેવો થયો છે ?"

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! ખરેખરો સત્સંગ થયો છે."

ત્યારે મહારાજે પૂછ્યું : "તમે કેવા સત્સંગી થયા છો ?"

ત્યારે **બ્રહ્માનંદ સ્વામી** બોલ્યા : "મહારાજ ! અમે પણ ખરેખરા સત્સંગી થયા છીએ."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : "જો તમે ખરેખરા સત્સંગી થયા હો તો કહો કે અમે ક્યાં હતા ને ક્યાંથી આવીએ છીએ ?"

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું : "મહારાજ ! એવા સત્સંગી તો અમે નથી થયા. અમે તો દૂધ આગળ જેમ છાશ અને મેરુ પર્વત આગળ જેમ ટેકરો તેમ તમારા મોટા-મોટા ભક્તો આગળ તો નાના જ છીએ."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિને પૂછ્યું : "મહારાજ ! એવા ખરેખરા સત્સંગી કેવી રીતે થવાય ?"

ત્યારે મહારાજ બોલ્યા : "એવા સત્સંગી તો તો થવાય જો માયિકભાવ ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું અખંડ ચિંતવન કરો તો એવા સત્સંગી થાઓ."

ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : "હે મહારાજ ! કરુણા (કૃપા) કરો તો એવા સત્સંગી થવાય."

ત્યારે **ભગવાન શ્રીહરિ** બોલ્યા :

'બોલ્યા બ્રહ્મમુનિ શિર નામી, સુણો શ્રીસહજાનંદ સ્વામી;
કૃપાનાથ કૃપા કરો જ્યારે, એવા થૈયે સત્સંગી તો ત્યારે.
સુણી બોલ્યા શ્રીજીમહારાજ, કહું સાંભળો કવિ શિરતાજ;
ચૌદ લોકનું બ્રહ્માંડ એક, એવાં મોટાં બ્રહ્માંડ અનેક.
એક અક્ષરના રોમકૂપે, રહ્યાં છે થઈને અણુરૂપે;
એવો અક્ષરનો મહિમાય, જેનું વરણન શેષે ન થાય.
એવા અક્ષરધામનો ધામી, હું છું શ્રીપુરુષોત્તમ નામી;
કોટિમુક્ત તણો પતિ જેહ, તમ અર્થે ધર્યો નરદેહ.
તમ અર્થે આવ્યો એહ ઠાર, ન રહ્યો અન્ય ધામ મોઝાર;
તજ્યું પ્રકૃતિ પુરુષનું ધામ, તજ્યાં વૈકુંઠ આદિ તમામ.
બીજાં ધામ ને સ્થાન અનંત, જેનો આવે ન ગણતાં અંત;
કર્યો ક્યાંઇ જઇ નહિ વાસ, પ્રેમે આવી વશ્યો તમ પાસ.
નિત્ય દર્શન દૈ સાક્ષાત, કરું છું તમ આગળ વાત;
જુગતી થકી પિરશી જમાડું, રંગ ઉત્સવે રંગે રમાડું.
બહુ હેતે હું તમને બોલાવું, લૈને છાતિની સાથે લગાવું;
હેતે આપું પ્રસાદિના હાર, વળી લાડ લડાવું અપાર.
કાંઇ આજ્ઞા કરો ઉલંઘન, સગાતુલ્ય કરું છું સહન;
તમે તોય એવું ઉચ્ચરો, સતસંગી થૈયે કૃપા કરો.
તમે જ્યાં ફરો ત્યાં સાથે ફરિયે, હવે એથી કૃપા કેવી કરિયે ?'

(શ્રીહરિલીલામૃત : ૬/૧૫/૧૯-૨૭)

આમ, ભગવાન આપણા જેવા થઈ આપણી વચ્ચે વિચરે તે તેઓની **અનહદ કરુણા** છે. ભગવાનને પામવાનાં મનુષ્યનાં તમામ સાધન તો સુષુપ્તિમાં લીન થઈ જાય છે, પરંતુ ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૫૧મા વચનામૃતમાં કહે છે : "ભગવાન તે જ કૃપા કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે."

કારિયાણી પ્રકરણના ૧લા વચનામૃતમાં પણ **શ્રીજીમહારાજ** કહે છે : "...સર્વ પ્રકારે જીવના હિતને અર્થે પ્રવર્ત્યા એવા જે ભગવાન, તે જે તે જ્યારે કૃપા કરીને મનુષ્ય સરખા થાય છે ત્યારે તે જીવના જાણ્યામાં આવે છે."

આવી જ વાત કરતાં પંચાળા પ્રકરણના ૭મા **વચનામૃત**માં શ્રીજીમહારાજ કહે છે : "...તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે."

એકવખત ભગવાન શ્રીહરિ સારંગપુરમાં બિરાજમાન હતા. પલંગમાં ચરણારવિંદ પ્રસારીને પોઢ્યા હતા. તે વખતે મહાનુભાવાનંદ સ્વામી ત્યાં પધાર્યા ને શ્રીજીમહારાજના પગ ચાંપવા ગયા. તે સમયે ભગવાન શ્રીહરિએ પોતાના ચરણારવિંદ પાછા ખેંચી લીધાં અને સ્વામીને તેઓએ સ્પર્શ પણ ન કરવા દીધો. ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ કહ્યું : "હે મહારાજ ! અમારા તપમાં એવી તે શું ખામી છે કે આપનાં ચરણારવિંદને પણ અમે ન સ્પર્શી શકીએ ?"

**'આ પાદાબ્જનિમિત્ત ભેખ ધરિને સંસાર છોડ્યો અમે,**
**આ પાદાબ્જનિમિત્ત દુષ્ટ જનનાં કષ્ટો સહ્યાં કૈ સમે;**
**આ પાદાબ્જનિમિત્ત વાસ વનમાં કૈ કાળ સુધી કીધાં,**
**ખામી શી રહી છે તથાપિ તપમાં જે પાવ ખેંચી લીધા.'**
(શ્રીહરિલીલામૃત : ૭/૩૨/૭૦)

મહાનુભાવાનંદ સ્વામીની આવી વાણી સાંભળી શ્રીજીમહારાજે એક **દૃષ્ટાંત** સહ વાત કરતાં કહ્યું : "જુઓ સ્વામી ! એક શ્રીમંતના ઘેર ભિખારી ગયો. તેને શ્રીમંતે આંગણું વાળવા કહ્યું. તેની આ મહેનતનું મહેનતાણું કેટલું આપું ? એવું શેઠે ભિખારીને પૂછ્યું. ત્યારે ભિખારી કહે : 'મને અધમણ સોનું આપો.' ત્યારે શેઠે કહ્યું : 'ભાઈ ! તે એક પૈસાનું કામ કર્યું છે ને અધમણ સોનાના તો સવા લાખથી વધુ રૂપિયા થાય. માટે આંગણું વાળવાના બદલામાં અધમણ સોનું માંગતાં તને લાજ નથી આવતી ?' તેમ તમે જે કાંઈ કષ્ટો સહન કર્યાં છે તે આંગણું વાળવા જેવું છે અને આ ચરણારવિંદની સેવા અધમણ સોના જેવી વાત છે. આ ચરણારવિંદની સેવા માટે તો હાડ-માંસ સુકાઈ ગયાં તેવાં તપ લોકોએ કર્યાં છે તોય તે સેવા મળી નથી."

ત્યારે મહાનુભાવાનંદ સ્વામી હાથ જોડી બોલ્યા કે, "હે મહારાજ ! આપની વાત સાચી છે. અમે તો એવું કાંઈ કર્યું નથી."

મહાનુભાવાનંદ સ્વામીની આવી દીન વાણી સાંભળી શ્રીજીમહારાજ રાજી થઈ ગયા ને તરત જ પોતાના ચરણારવિંદ પ્રસારી મહાનુભાવાનંદ સ્વામીને સેવાનો લાભ આપ્યો.

આમ, ભગવાન અવતાર ધરે તે તેમની કરુણાનો જ એક આવિષ્કાર છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે : 'अनुग्रहाय भूतानां मानुषं देहमास्थितः । भजते तादृशीः क्रीडा याः श्रुत्वा तत्परो भवेत् ।।' - ભગવાન જીવો પર કરુણા કરી મનુષ્ય દેહ ધારણ કરે છે અને એવી લીલા કરે છે કે જીવ ભગવત્પરાયણ થઈ જાય. (૧૦/૩૩/૩૭)

ગોસ્વામી તુલસીદાસજી પણ કહે છે : **'કૃપાસિંધુ જનહિત તનુ ધરહી ।'** - કૃપાના સાગર એવા પરમાત્માએ મનુષ્ય કાજે શરીર ધારણ કર્યું.

**'ગો દ્વિજ સાધુ દેવ હિતકારી, કૃપાસિંધુ માનુષ તનુધારી.'** - ગાય, બ્રાહ્મણ, સાધુ ને દેવોના હિતકારી, કૃપાસિંધુ પ્રભુએ મનુષ્ય શરીર ધાર્યું. આમ, ભગવાનનું પૃથ્વી પર અવતરવું એ તેઓની મનુષ્યો પર મહાન કરુણા છે.

સ.ગુ. શ્રી **બ્રહ્માનંદ સ્વામી** કહે છે : **'પશુ મીટાઈ મનુષ્ય મોઈ કીનો, અન્ન જળ પોષત સાંજ સબેરી...'**

ભગવાન શ્રીહરિની એ જ **મોટી કરુણા** છે કે, મનુષ્ય દેહ આપ્યો. પશુયોનિના દુઃખ તાંડવોને જોતા મંદિરમાં બિરાજમાન ઠાકોરજી સમક્ષ હાથ જોડીને પ્રાર્થના કરતાં **ભક્તકવિઓ** કહે છે :

'હે પ્રભુ ! તમારી કરુણાનો કોઈ પાર નથી.'
હે કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી;
હે સંકટના હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...૦૧
મેં પાપ કર્યાં છે એવાં, હું ભૂલ્યો તારી સેવા;
મારી ભૂલોના ભૂલનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...૦૨
હે પરમકૃપાળુ વાલા, મેં પીધા વિષના પ્યાલા;
વિષને અમૃત કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...૦૩
હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી;
અવળી સવળીના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...૦૪
ભલે છોરું કછોરું થાયે, તું માવતર કહેવાયે;
મીઠી છાંયાના દેનારા, તારી કરુણાનો કોઈ પાર નથી...૦૫
મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો;
મારા સાચા ખેવનહારા, તારી કરુણાનો કોઈ પાર નથી...૦૬

સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** 'શ્રીમદ્ સત્સંગિજીવન' ગ્રંથમાં કહે છે :

'स हि नारायणः स्वामी धाम्नः स्वादक्षरात्परात् । आविर्बभूव
भूलोके त्राकृतिः श्रेयसे नृणाम् ।।
रक्षार्थं च स्वाश्रययोर्दुष्टेभ्यो भक्तिधर्मयोः । जातस्य तस्य
कारुण्यं को वा वक्तुं नरः क्षमः ।।'

ભગવાન શ્રીહરિનું આ લોકમાં પધારવું તે પણ **કરુણામય** જ છે.

જ્યાં સુધી કરુણાની ભીખ ભગવાન પાસે માગી ન હોય ત્યાં સુધી ભગવાનની કરુણાની દિવ્યતા વ્યક્તિને અસર નહિ કરે. વ્યક્તિના જીવનમાં જ્યારે એવો પ્રસંગ બને કે ભગવાન પાસે બાળક બની કરુણાની ભીખ માંગવી પડે, દયા, મહેર, કૃપાની ભીખ માંગવી પડી હોય ત્યારે જ ભગવાનની કરુણાની મહત્તા સમજાય છે.

ભૂખ લાગેને ભોજન મળે ત્યાં સુધી અન્નની કિંમત ન

સમજાય, પરંતુ પાંચ-દસ દિવસના રઝળતા જંગલમાં ભૂલા પડી જઈએ ને ભૂખ્યા-તરસ્યા તડપતા હોય તે વખતે અન્નની જે તાલાવેલી જાગે ત્યારે અન્નનો જે મહિમા સમજાય તેવો બધું સરખું ચાલ્યું જતું હોય ત્યારે ન સમજાય.

પ્રસૂતા નારીને જે વેદના હોય ને એ વખતે તેનાથી જે કરુણાની ભીખ મંગાય એવી બીજી પળોમાં ન મંગાય.

બે દિવસના ભૂખ્યા હોઈએ ને જમવા મળી જાય તો કાંઈ બહુ મોટી કરુણાની વાત નથી. પરંતુ જ્યાં જીવન-મરણનો પ્રશ્ન આવી જાય અને ત્યારે જે કરુણાની ભીખ માંગે તેનો અનુભવ જ કાંઈક જુદો હોય છે !

ઘનઘોર જંગલમાં જતા હોઈએ ને સામે સિંહ મળી જાય ત્યારે જે નાભિમાંથી ઈષ્ટદેવનું સ્મરણ થવા લાગે તે આખી જિંદગીમાં સ્મરણ કર્યું હોય તોપણ તેવું ન થાય.

ઈ.સ. ૧૯૯૩માં મહારાષ્ટ્ર રાજ્યના **લાતુર** જિલ્લા વિસ્તારમાં **ભૂકંપ** થયો હતો. હજારો લોકો બેઘર થઈ ગયા. હજારો બાળકો મા-બાપ વિનાના થઈ ગયા, મા-બાપ દીકરા વિનાના થઈ ગયા. દિવસો સુધી કોઈને કાંઈ ખાવા ન મળ્યું. ભૂખ્યા માણસો મૃત્યુ પામતાં હતા. તે અરસામાં એક **પત્રકાર**નું રાજ્ય સ્તરે **સન્માન** કરવામાં આવ્યું હતું. તેણે એક એવું દૃશ્ય પોતાના કેમેરામાં ઝડપેલું કે જેમાં સાક્ષાત્ કરુણા દેખાતી હોય.

બે દિવસના ભૂખ્યા હોઈએ ને જમવા મળી જાય તો કાંઈ બહુ મોટી કરુણાની વાત નથી. પરંતુ જ્યાં જીવન-મરણનો પ્રશ્ન આવી જાય અને ત્યારે જે કરુણાની ભીખ માંગે તેનો અનુભવ જ કાંઈક જુદો હોય છે !

એક **ભૂખ્યું બાળક** મરણ પથારીએ ઢસડાતું જાય છે. તેની પાછળ પાછળ **ગીધ** ચાલ્યું જાય છે. આ કરુણ દૃશ્યનો ફોટો પાડવા માટેનો 'બેસ્ટ ફોટોગ્રાફર એવોર્ડ' અપાયો. ત્યારે કોઈએ તે પત્રકારને પૂછ્યું : "મિત્ર ! એ સમયે તમે તે બાળકને શું મદદ કરી ?"

આ પ્રશ્નથી તે ફોટોગ્રાફરને પોતાની ઘણી ગંભીર ભૂલ સમજાવાથી બહુ આઘાત લાગ્યો અને તેણે આત્મહત્યા કરી લીધી.

વ્યક્તિના જીવનની ઘટમાળમાં આવી કોઈ ઘટના ઘટી જાય ત્યારે **કરુણાનો પોકાર** ઊઠે છે. અથવા તો જીવન વ્યવહારમાં કોઈ ભૂલ થઈ ગઈ કે સાંસારિક કાર્યમાં કે આધિ-વ્યાધિ અને ઉપાધિમાં અટવાઈ જતા હોઈએ ત્યારે પણ કરુણાનો પોકાર થાય છે.

સાંસારિક દુઃખોનું વર્ણન કરતા કવિ **નારાયણદાસ** લખે છે :

દુઃખ છે અધિક આ સંસારમાં, મુખે કહ્યાં તે ન જાયજી;
આધિ વ્યાધિની અંતર થકી, હોળી પલ ન ઓલાયજી... દુઃખ છે૦
ત્રિવિધિ તાપે તપી રહ્યો, સઘળો આ સંસારજી;
કાયા માયાને કારણે, વેઠે વેદના અપારજી...દુઃખ છે૦
અતિવૃષ્ટિ ને અનાવૃષ્ટિ, તેમજ અગ્નિ ભય થાયજી;
તીડ ઉંદર ને હિમનો, ઉપદ્રવ આખો ગણાયજી...દુઃખ છે૦
અનંત પ્રકારની આફતો, આવે સંસારમાંયજી;
દેહ ધરીને દુઃખ ભોગવે, પીડા પંડમાં થાયજી...દુઃખ છે૦
માયા મોહની જાળમાં, સળગે આ સંસારજી;
કોટિક કષ્ટ સહે સદા, ચરાચર નરનારજી...દુઃખ છે૦
ભક્તિ વિના ભવદુઃખનો, કદી આવે નહીં અંતજી;
જીજ્ઞાસુ જન જાણજો, કહે છે શાસ્ત્ર ને સંતજી...દુઃખ છે૦
લખ્યાથી છે લક્ષ ઘણા, દુઃખ સંસારમાંયજી;
નારાયણદાસના નાથને, ભજો ભવદુઃખ જાયજી...દુઃખ છે૦

દુઃખ કોઈને જોઈતું જ નથી, બધાને સુખ જ જોઈએ છે. પરંતુ અધ્યાત્મ માર્ગનો જન્મ જ દુઃખમાંથી થાય છે. કરુણાનો પોકાર પણ દુઃખમાં જ રહેલો છે. અને તેમાં પણ મૃત્યુનું દુઃખ કરુણા ઉપજાવનાર છે.

જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યજી **ચર્પટપંજરી**માં કહે છે : 'दिनयामिन्यौ सायं प्रातः शिशिरवसन्तौ पुनरायातः । कालः क्रीडति गच्छत्यायुः तदपि न मुञ्चति आशावायुः ।। भज गोविन्दं भज गोविन्दं भज गोविन्दं मूढमते !' - "સવાર અને સાંજ, દિવસ અને રાત્રિ, શિશિર અને વસંત આ બધાની નિત્ય આવન-જાવન ચાલ્યા જ કરે છે. કાળની આ રમત છે અને તેમાં તારું આયુષ્ય કપાતું જાય છે છતાં તું હજું લૌકિક પદાર્થોની આશાઓ છોડતો નથી. માટે હવે ભગવાન ભજી લે, મૂરખ ! ભગવાન ભજી લે."

'मरणं तु प्रकृतिः शरीरिणाम् ।' - મરવું તે તો શરીરનો સ્વભાવ છે. પૃથ્વી ઉપર કોઈ અમરપટો લઈને આવ્યો નથી. આવું જોવા જાણવા છતાં જિજિવિષાને જોરે માણસ 'પોતાને જરૂર મરવાનું છે' આ સત્ય ભૂલી ગયો છે. તેને મરવું કે મરવાની વાત પણ ગમતી નથી. મરવાની વાતને અપશુકન માને છે. સ.ગુ. શ્રી **દેવાનંદ સ્વામી** કહે છે : **'તારા મનમાં જાણે છે મરવું નથી રે, એવો નિશ્ચય કર્યો નિરધાર...'**

પાંડવો વનવાસ દરમ્યાન એકવાર એવા સ્થાન પર આવી પહોંચ્યા કે જ્યાં દૂર સુધી જળાશય પણ દેખાતું ન હતું. માતા કુંતાએ પુત્રોને કહ્યું : "મને ખૂબ તરસ લાગી છે. તમે પાણીની વ્યવસ્થા કરો."

અર્જુને વૃક્ષ પર ચઢીને દૂર સુધી જોયું. અચાનક તેને એક તળાવ નજરે પડ્યું. તેમણે મોટાભાઈ યુધિષ્ઠિરને આ જળાશયની જાણ કરી. યુધિષ્ઠિરનો આદેશ લઈને નકુલ પાણી લેવા માટે જળાશય પર પહોંચ્યો. તેમણે પોતાનું પાત્ર તળાવમાં નાખ્યું ત્યાં જ એક યક્ષનો અવાજ આવ્યો કે, 'મારી સંમતિ વગર આ જળાશયનું પાણી લઈ શકાશે નહિ. જો પાણી

જોઈતું હોય તો તારે મારા પ્રશ્નોના ઉત્તરો આપવા પડશે. જો હું એ ઉત્તરોથી સંતુષ્ટ થઈશ, તો જ તને પાણી પ્રાપ્ત થશે.' પરંતુ નકુલે યક્ષવાણીની પરવા કર્યા વિના પાણી ભર્યું, એ જ પળે તે તળાવના કિનારે ઢળી પડ્યો!

યુધિષ્ઠિરે નકુલની તપાસ માટે સહદેવને, અર્જુનને તથા ભીમને વારાફરતી મોકલ્યા, પરંતુ દરેક પાંડવની એવી જ દુર્દશા થઈ.

છેવટે સ્વયં **યુધિષ્ઠિર** તળાવના કિનારે આવી પહોંચ્યા. જ્યારે તેઓએ પોતાના ચારે ભાઈઓના મૃતદેહો જોયા ત્યારે તેમનું હૃદય કાંપી ઊઠ્યું.

એ જ સમયે **યક્ષવાણી** થઈ. યુધિષ્ઠિર યક્ષના તમામ પ્રશ્નોના ઉત્તર આપવા સંમત થયા. તે સાથે જ યક્ષે ૧૧૪ પ્રશ્નોની ઝડી વરસાવી. જેમાં એક પ્રશ્નમાં યક્ષે પૂછ્યું : 'किम् आश्चर्यम् ?' આ જગતમાં મોટામાં મોટું **આશ્ચર્ય** કયું છે?

યુધિષ્ઠિર કહે છે : 'अहनि अहनि भूतानि गच्छन्ति यमालयम् । शेषाः स्थिरत्वमिच्छन्ति किमाश्चर्यमतः परम् ।।' - રોજ હજારો મરે છે અને સર્વે યમલોક તરફ પ્રયાણ કરે છે, તે જોવા છતાં બાકી રહેલા લોકો પૃથ્વી ઉપર સદાકાળ માટે આ પૃથ્વી પર જીવંત રહેવાના છે તેવા ભ્રમમાં જીવે છે. આ જ **મોટામાં મોટું આશ્ચર્ય** છે!

એક ડોસો ઘરથી કંટાળ્યો હતો. તે મંદિર ગયો ત્યાં જૂનાગઢના સદ્‌ગુરુ **બાલમુકુંદ સ્વામી** આવ્યા હતા. તેણે સ્વામીને તેના દુઃખની વાત કરતા કહ્યું કે, "મારે હવે ભગવાનના ધામમાં જતા રહેવું છે." સ્વામીએ કહ્યું : "તમે મંદિરમાં ઊભા ઊભા રોજ **સો માળા** ફેરવજો. મહારાજ તમારો સંકલ્પ પૂરો કરશે." પછી ડોસો રોજ માળા ફેરવવા લાગ્યો. સ્વામી તો જૂનાગઢ ગયા. પચીસેક દિવસે એક સત્સંગીએ ડોસાને આવી રીતે માળા ફેરવવાનું કારણ પૂછ્યું. ડોસાએ બાલમુકુંદ સ્વામીએ કરેલી વાત કહી. પેલા સત્સંગીએ કહ્યું : "તમને ખબર છે? સ્વામી તો વચનસિદ્ધ છે. પાંચ દિવસ પછી તમે જરૂર ધામમાં જશો જ." ડોસો ગભરાઈ ગયો. માળા પડતી મૂકી ઘેર જતો રહ્યો.

એક **ડોશીમા** ઘરમાં વહુથી ત્રાસી ગયેલા. વહુએ એકવાર ચાર્યનો ભારો લેવા મોકલ્યા. માથે ભારાનો ભાર હતો. ડોસીમાને થયું : "આના કરતા મોત આવે તો સારું" એમ વિચારી ભારો નીચે ફેંક્યો. ડોસીના દુઃખથી ધર્મરાજાને દયા આવી કે ડોસીને દુઃખમુક્ત કરું. તેઓ ડોસીમા પાસે આવ્યા. ડોસીએ પૂછ્યું : "તમે કોણ?"

ધર્મરાજાએ કહ્યું : "તમે જેને સંભારતા હતા તે હું તમારું મોત છું. તમને લેવા આવ્યો છું."

ડોસીમા ગભરાઈ ગયા ને કહ્યું : "એ તો મારો ભારો માથે ચડાવવા માટે તમને સંભારેલા. માટે મારા માથે આ ભારો ચડાવી આપો!" ધર્મરાજાએ હસીને તેનો ભારો ચડાવી દીધો.

માત્ર માણસ નહીં, ગાડાના ચીલામાં ચાલતા કીડાને પણ ગાડું આવશે તો પિલાઈ જવાનો ડર રહે છે.

મરી જઈએ એટલે જ મરી ગયા એવું નથી પણ માણસ જીવવા છતાં પણ રોજ મરે છે. શરીરના **છ વિકારો** છે : 'अस्ति, जायते, वर्धते, विपरिणमते, अपक्षीयते, नश्यति ।' - "અસ્તિત્વ ધરાવે છે, જન્મે છે, વૃદ્ધિ પામે છે, જુવાન અવસ્થા આવે છે, પછી ધીરે ધીરે વૃદ્ધાવસ્થાની નિશાનીઓ દેખાય છે અને છેલ્લે મરી જાય છે." વાળ ધોળા થાય છે, આંખનું તેજ ઓછું થાય, કાને ઓછું સંભળાય, અંગ-ઉપાંગોમાં વ્યાધિ થાય વગેરે વગેરે **કાળની નોટિસો** છે. આમ, આપણે રોજ મરીએ છીએ પણ ખબર પડતી નથી.

સ.ગુ. શ્રી **ભૂમાનંદ સ્વામી** કહે છે : 'દદા દિવસ જે જે જાય, આવરદામાં ઓછો થાય; મા બાપ જાણે મોટો થયો, મૂળગામાંથી પણ તે ગયો; તે સૂશે સમશાને કાય...'

ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સત્ય ઉચ્ચાર્યું છે કે, 'जातस्य हि ध्रुवो मृत्युः' - "જે જન્મે છે તેનું અવશ્ય મૃત્યુ થાય છે." (૨/૨૭)

કવિ **નારાયણદાસ** પણ આ સત્યને ઉચ્ચારતાં કીર્તનમાં કહે છે :

**'જનમ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથેજી;**
**આવ્યા ત્યારે શું લાવ્યા ને, શું લઈ જાવું સાથેજી.**
**સવાર થાય ને સાંજ પડે છે, દિન ઉપર દિન જાયેજી;**
**આજ કાલ કરતાં આવરદા, જોને ઓછી થાયેજી.**
**એક જન્મે ને એક મરે છે, સ્થિર નથી કોઈ ઠરવાજી;**
**મરી ગયા તે જન્મ ધરે ને, જન્મ ધરે તે મરવાજી.**
**પ્રભાતે ફૂલડીયાં ફૂલે, સાંજે તે કરમાશેજી;**
**નિત્ય બાગમાં નવીન કળીઓ, ખીલીને ખરી જાશેજી.'**

જો જીવનનું સાચું ધ્યેય સમજાય અને મનુષ્ય શરીરનું મૂલ્ય કેટલું છે તે સમજી શકાય તો ક્યારેય તુચ્છ વિષયોમાં અને સામાન્ય પદાર્થોમાં બંધન ન થાય. કારણ કે, મનમાં એક વાતની **સ્પષ્ટતા** થઈ જાય છે કે : 'धनानि भूमौ पशवश्च गोष्ठे, नारी गृहद्वारि सखा स्मशाने ।' - અર્થાત્ અંતે તો જીવને એકલા જ પરલોકમાં જવું પડે છે. કારણ કે ધન જમીનમાં દટાયેલું પડી રહે છે, પશુઓ પશુશાળામાં રહી જાય છે, નારીનો સાથ ઘરના ઉંબરા સુધી રહે છે, મિત્રો સ્મશાન સુધી સાથે આવે છે અને દેહનો સંગાથ માત્ર ચિતા સુધી સચવાય છે.

બરકત વિરાણી **'બેફામ'** પોતાની એક **રચના**માં કહે છે :

**'એકલા જ આવ્યા મનવા, એકલા જવાના,**
**સાથી વિના સંગી વિના એકલા જવાના.**
**કાળજાની કેડીએ કાયા ના સાથ દે,**
**કાળી કાળી રાતડીએ છાયા ના સાથે દે;**
**કાયાના સાથ દે ભલે, છાયા ના સાથે દે ભલે,**
**પોતાના જ પંથે પોતાના વિનાના...એકલા૦'**

શ્રાવસ્વતી નગરીમાં કીસા ગૌતમી નામની એક સ્ત્રી રહેતી

હતી. તેને એક પુત્ર હતો તે મૃત્યુ પામ્યો, તેથી પુત્રના વિયોગમાં બહુ રડવા લાગી. લોકોએ ખૂબ સમજાવી તોપણ રડતી બંધ ન થઈ તેમજ બાળકના શબને લેવા પણ ન દીધું. તેવા સમયમાં તે શહેરમાં ભગવાન બુદ્ધ પધાર્યા. ત્યારે એક વ્યક્તિએ કીસા ગૌતમી પાસે જઈને કહ્યું : "ગૌતમી ! બુદ્ધ ભગવાન પાસે તું તારા બાળકના શબને લઈ જા, તો કદાચ તેઓ જીવતો કરી આપે."

> જો જીવનનું સાચું ધ્યેય સમજાય અને મનુષ્ય શરીરનું મૂલ્ય કેટલું છે તે સમજી શકાય તો ક્યારેય તુચ્છ વિષયોમાં અને સામાન્ય પદાર્થોમાં બંધન ન થાય.

આવી વાત સાંભળી મૃતપુત્રને લઈ ગૌતમી તુરંત બુદ્ધ પાસે ગઈ અને રડતાં રડતાં પ્રાર્થના કરી : "હે પ્રભુ! મારા પુત્રને જીવતો કરી આપો, નહિતર તેના વિરહથી હું મૃત્યુ પામીશ." ત્યારે બુદ્ધ ભગવાન બોલ્યા : "હે ગૌતમી ! તારો પુત્ર અવશ્ય જીવતો થશે, પરંતુ તેના માટે થોડા રાયના દાણા લાવી આપ. અને એ રાયના દાણા એવાને ઘેરથી લાવજે કે જેના ઘેર કદીપણ કોઇનું મૃત્યુ ન થયું હોય."

આવું સાંભળી એકદમ હરખાતી હરખાતી કીસા ગૌતમીએ એક ઘેર જઇને કહ્યું : "તમારા ઘેર કોઈનું મૃત્યુ ન થયું હોય તો મને રાયના દાણા આપો, તેના વડે બુદ્ધ ભગવાન મારા બાળકને જીવતો કરી આપશે." ત્યાંતો સામેથી જવાબ મળ્યો : "હે બહેન ! થોડાં વર્ષ પહેલાં મારા યુવાન પુત્રનું મૃત્યુ થયું છે. પછી ત્યાંથી બીજે ઘેર ગઈ. તો ત્યાંથી પણ જાણવા મળ્યું કે-"હમણાં અમારા દાદાનું મરણ થયું છે." પછી તો ગૌતમી આખા શહેરમાં ફરી, પરંતુ એકપણ ઘર એવું ન મળ્યું કે જેમાં કોઈ વ્યક્તિનું મૃત્યુ ન થયું હોય.

અંતે નિરાશ થઈને બુદ્ધ ભગવાન પાસે આવીને કહેવા લાગી : "પ્રભુ ! આ શહેરમાં એવુ કોઇ ઘર ન મળ્યું." ત્યારે બુદ્ધજીએ તેને સમજાવી અને કહ્યું : "ગૌતમી ! આ જગત પંખીનો મેળો છે, કોઈ આજ જશે કોઇ કાલ જશે. દુનિયાનું એક સૂત્ર અનિવાર્ય છે, અને તે છે મૃત્યુ."

રંક હોય તોય ભલે ને તવંગર હોય તોય ભલે, એ અમીર હોય તોય ભલે ને ગરીબ હોય તોય ભલે, એ અભણ હોય તોય ભલે ને વિદ્વાન હોય તોય ભલે : 'છે દોષી કે નિર્દોષ તે ખબર નથી ખંઝરને, ઉઝડ થશે ફૂલવાડીઓ એ ખબર નથી બંદરને; રહેમ ખાવી ગમતી નથી ગરીબોને કે અમીરોને, છોડી જવું પડશે એક દી અકેલા તે ખબર નહોતી સિકંદરને.'

ગ્રીસ દેશનો રાજા **સમ્રાટ સિકંદર** વિશ્વના દેશો ઉપર પોતાનું શાસન સ્થાપવા માટે ૬૦,૦૦૦ સૈનિકોને લઈ દિગ્વિજય કરવાની આશાથી ગ્રીસથી નીકળ્યો. તુર્કસ્તાન, ઇજિપ્ત અને ઈરાન વગેરે અનેક દેશોને જીતીને હિંદુસ્તાનના પંજાબ પ્રદેશમાં આવ્યો. ત્યાંના પુરુ રાજાને હરાવી પાટલીપુત્રમાં આવ્યો. ત્યાં તેણે સાંભળ્યું કે, 'રાવી નદીના તીરે એક ત્રિકાળદર્શી સંત રહે છે.' તેથી તે ત્યાં ગયો અને સંતને પૂછ્યું : "મારુ મૃત્યુ ક્યારે થશે ? તે કહો." ત્યારે સંતે કહ્યું : "સમ્રાટ ! તારી ઉંમર અત્યારે તેત્રીસ વર્ષની છે અને આજથી એકસો વીસમાં દિવસે તારુ મૃત્યુ થવાનું છે. મૃત્યુ સમયે તું તારા દેશમાં નહિ પહોંચી શકે, તેમ જ તારા સંબંધીઓને પણ નહિ મળી શકે." સિકંદરને સંતના વચનમાં વિશ્વાસ આવી ગયો, તેથી દિગ્વિજયની આશા છોડી પંજાબથી જ પોતાના દેશ ગ્રીસ જવા પાછો વળી ગયો. જલ્દી દેશમાં પહોંચીને સંબંધીઓને મળવાની આશાથી રાત્રી-દિવસ સતત હાથી-ઘોડા વગેરેને દોડાવીને પંથ કાપવા લાગ્યો.

આ રીતે થોડા દિવસ વ્યતીત થયા. ત્યાંતો સિકંદરની તબિયત બગડી, તુરંત મોટા મોટા વૈદ્યો-હકીમોને બોલાવી દવા શરૂ કરી. પરંતુ દરરોજ બીમારી વધતી ગઈ, વૈદ્યોએ ઉચ્ચ પ્રકારના ઔષધના પ્રયોગો કર્યા, કિંતુ એક પણ દવા લાગુ પડી નહિ. પછી તેને સંતનાં વચનો યાદ આવ્યાં, ત્યાંતો ફક્ત એક દિવસ બાકી રહેલો. ૧૧૯માં દિવસે સિકંદર તમામ સૈનિકોને, પ્રધાનોને અને વૈદ્યોને બોલાવી કહેવા લાગ્યો :

**'મારા મરણ વખતે, બધી મિલકત અહીં પધરાવજો;**
**મારા જનાજા સાથે કબ્રસ્તાનમાં પણ લાવજો.**
**મારું મરણ થતાં, બધાં હથિયાર લશ્કર લાવજો;**
**પાછળ રહે મૃતદેહ આગળ સર્વને તેડાવજો.**
**મારા બધા વૈદ્યો હકીમોને, અહિં બોલાવજ્યો;**
**મારો જનાજો એજ, હકીમોને ખંભે ઉપડાવજો.'**

બરાબર ૧૨૦ દિવસ પૂરા થતાં સિકંદરનું મૃત્યુ થયું અને તેના કહેવા મુજબ કરવામાં આવ્યું. સિકંદર પાસે અબજોની મિલ્કત હતી પરંતુ તમામ અહીંયાં જ પડી રહી અને ખાલી હાથે જવું પડ્યું.

**'મૈને સોચા થા કી દુનિયામેં બનુંગા દુલ્હા,**
**લેકિન અસલી પોશાક કફન થા મુજે માલુમ નહી;**
**મૈને સોચા થા કી બનાવુંગા મકાન,**
**લેકિન અસલી કબરસ્તાન હૈ મુજે માલુમ નહી.'**

શહેનશાહ **ઔરંગઝેબ** પણ જીવનની સંધ્યાએ હતાશામાં બોલેલો કે, 'મેરી જિંદગાની બેફજુલ ગઈ !' શિલ્પી, ચિત્રકાર, કવિ એવા **માઈકલ એન્જેલો**ને એંશી વરસ પછી ખ્યાલ આવ્યો કે આટલા બધા વર્ષોમાં મેં શું કર્યું ? **હિટલર**ને પણ વિશ્વવિજયી થવું હતું પણ છેલ્લે આપઘાત કરીને મર્યો ! રાવણે **ચાર મનસૂબા** કર્યા હતા : ૧. કોઈનું મૃત્યુ ન થાય. ૨. સ્વર્ગ સુધી સીડી કરવી જેથી આવનજાવન થઈ શકે. ૩. સૂર્ય ક્યારેય આથમે નહિ. ૪. સમુદ્રોને મીઠા કરવા. રાવણ હજારો વર્ષ જીવ્યો પણ તેના આ મનસૂબા પૂરા ન થયા ! **કંસ** અને

**જરાસંઘ** જેવા સમર્થોની મુરાદો મનમાં ને મનમાં જ રહી ગઈ અને મૃત્યુ પામ્યા. **સિકંદર**ને વિશ્વ જીતવું હતું પણ ભારતની ભાગોળેથી જ પાછા વળવું પડ્યું અને બત્રીસ વર્ષની વયે રસ્તામાં બેબિલોનમાં જ મૃત્યુ પામ્યો.

માણસ રોજ મૃત્યુને જુએ છે, તો પણ નવી **મહત્ત્વાકાંક્ષાઓ** કર્યા જ કરે છે અને ક્યારે મૃત્યુ આંબી જાય છે તેની ખબર રહેતી નથી. ઘણા ઘમંડી એમ સમજે છે કે, 'આપણે મરવાનું જ નથી.' તેવા ઘમંડીઓને ચેતવતા સ.ગુ. શ્રી **બ્રહ્માનંદ સ્વામી** કહે છે :

**'કડા વેઢ વીંટી મોતી પહેર કાને, બહુ જોરસે મૂછ મરોડતા હૈ;**
**ચલ દેખત અપની છાંયડી કો, ટેઢી પાઘ બાંધી તાન તોડતા હૈ.**
**તન અત્તર તેલ ફૂલેલ લગાવત, નેહ ત્રિયા સંગ જોડતા હૈ;**
**બ્રહ્માનંદ કહે ખબરદાર બંદે, દેખો કાલ કીસીકું ન છોડતા હૈ.'**

બધું જ જાણવા છતાં કોઈ કોઈએ માણસને અમર કરવા કંઈ ને કંઈ ઔષધિઓ શોધવાનો પ્રયત્ન કર્યો છે. ભારતના નાગાર્જુન નામના રાજવીએ આવી સંજીવની ઔષધિ શોધેલી. એકવાર તેના જ પુત્રને થયું : 'મારા પિતા અમર રહેશે તો મને રાજ્યગાદીએ ક્યારેય બેસવાનું નહિ મળે. તેમણે સંજીવની ઔષધિનું સેવન કર્યું છે, તે ખરેખર સાચું છે કે કેમ ? તેની ખાત્રી તો કરું.' આવું વિચારી એકવાર નાગાર્જુનના શરીર ઉપર પાછળથી તલવારનો ઘા કર્યો. પરંતુ પથ્થર ઉપર તલવાર ભટકાઈને પાછી પડે તેવું થયું. રાજાએ પાછળ જોયું. પુત્ર ભોંઠો પડી ગયો પણ નાગાર્જુનને અંતર્દષ્ટિ થઈ કે અમર થવામાં સાર નથી. તેણે પુત્રને કહ્યું : ''તલવાર લાવ.'' પછી તલવાર ઉપર બીજી ઔષધિ ચોપડી કહ્યું : ''હવે વાર કર.'' પુત્રએ તેમ કર્યું અને નાગાર્જુનનો દેહ પડી ગયો.

> માણસ રોજ મૃત્યુને જુએ છે, તો પણ નવી **મહત્ત્વાકાંક્ષાઓ** કર્યા જ કરે છે અને ક્યારે મૃત્યુ આંબી જાય છે તેની ખબર રહેતી નથી. ઘણા ઘમંડી એમ સમજે છે કે, 'આપણે મરવાનું જ નથી.'

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** પણ ગાય છે :

**જાવું જરૂર મરી મેલીને સર્વે જાવું જરૂર મરી.**
**રાતદિવસ રળ્યો ધનને કાજે, સમર્યા નહિ ઘડીએ હરિ.**
**નિષ્કુળાનંદ કહે જોને વિચારી, રહે નહિ દેહ ધરી...**

શેક્સપિયરે **'As You Like It'** નાટકમાં કહ્યું છે : 'જીવન એ મોટો રંગમંચ છે તેના ઉપર મનુષ્યો એક દ્વારેથી પ્રવેશી પોતાનો ભાગ ભજવી બીજે દ્વારેથી વિદાય લે છે.'

મૃત્યુની કોઈ આગાહી કરી શકતું નથી. ઘણા રાજનેતાઓ, ઉદ્યોગપતિઓ, સેલિબ્રિટીઓએ બુલેટપ્રૂફ જાકીટ પહેરેલા હોય છે, છતાં મૃત્યુથી કોઈ બચી શક્યા નથી. ઈ.સ. ૧૯૮૪માં ભોપાલમાં યુનિયન કાર્બાઈટની હોનારતમાં એક જ રાતમાં વીસેક હજાર લોકો મૃત્યુ પામ્યા. બાંગ્લાદેશના દરિયાઈ તોફાનોમાં દર વર્ષે હજારો મરે છે. ધરતીકંપ કે અતિવૃષ્ટિમાં પણ હજારો લોકો અચાનક મૃત્યુને શરણ થાય છે.

એકવાર યુધિષ્ઠિર દાન દેતા હતા. આખો દિવસ દાનાર્થીઓનો પ્રવાહ ચાલ્યો. રાત્રે પણ કતાર ચાલુ હતી. બાર વાગી ગયા એટલે યુધિષ્ઠિરે કહ્યું : ''બધા કાલે સવારે આવજો. સવારે દાન આપીશ.'' દાન દેવાનું બંધ કર્યું. ભીમે આ જાણ્યું એટલે તેણે વિજયનો બુંગિયો ઢોલ વગાડ્યો. બધા જાગી ગયા અને પૂછ્યું. તો કહે : ''મારા ભાઈ યુધિષ્ઠિરે મૃત્યુ ઉપર વિજય મેળવ્યો છે. તેની ખુશાલીમાં ઢોલ વગાડું છું.'' બધાએ પૂછ્યું : ''મૃત્યુ ઉપર વિજય કેવી રીતે ?'' ભીમે કહ્યું : ''ભાઈ યુધિષ્ઠિરે દાન લેનારાઓને કહ્યું કે સવારે દાન લેવા આવજો. એટલે કે ભાઈને સવાર સુધી જીવવાની ખાત્રી થઈ ગઈ છે. તેથી ઢોલ વગાડ્યો.'' યુધિષ્ઠિર રાજા સમજી ગયા કે ક્ષણભંગુર દેહનો કોઈ નિરધાર નથી. તેમણે રાત્રે જ દરવાજા ખોલી દીધા અને દાનનો પ્રવાહ શરૂ કરી દીધો.

મૃત્યુ અનિવાર્ય છે, તે ક્યારેય નિવારી શકાતું નથી. માણસને મારવાનો બોંબ છે પણ મૃત્યુને મારવાનો કોઈ બોંબ નથી. નચિકેતાએ મૃતમાંથી અમૃત થવાની વિદ્યા એટલે મૃત્યુંજયી વિદ્યા યમરાજા થકી શીખીને મૃત્યુ ઉપર વિજય મેળવી લીધો હતો. એટલે કે જન્મમરણથી રહિત થઈ મુક્તિ પામી ગયો.

ભગવાન બુદ્ધે એક જ વાર મડદું જોયું અને વિચારે ચડી ગયા. પછી સંસાર છોડી સંન્યાસી બની ગયા. બલખ બુખારાના શેખ બાજંદે મરેલું ઊંટ જોયું અને તેને વૈરાગ્ય ઊપજ્યો અને રાજ્ય છોડી ફકીરી લઈ લીધી. તેલ ફૂલેલ અત્તરથી સ્નાન કરતા રાજા ગોપીચંદને તેની માતા મેનાવતીએ વૈરાગ્ય પ્રેર્યો.

ભગવાન બુદ્ધ સંસાર છોડીને ચાલ્યા ગયા તે દુઃખ જોઈને જ. ભગવાન બુદ્ધની ભાગવતજીમાં અવતાર તરીકે ગણના કરવામાં આવી છે. તેઓનો જન્મ નેપાળદેશના લુંબીની શહેરમાં થયો હતો. પૂર્વે તેનું નામ કપિલવસ્તુ નગર હતું. તેમના પિતાનું નામ શુદ્ધોદન હતું, તેઓ તે નગરના રાજા હતા. બુદ્ધનો જન્મ થયો ત્યારે શુદ્ધોદને મોટા મોટા પંડિતોને બોલાવીને પુત્રનું ભવિષ્ય જોવાનું કહ્યું. જ્યોતિષ શાસ્ત્રાનુસાર જન્માક્ષર મેળવીને પંડિતોએ કહ્યું : ''હે મહારાજા ! કુંવરનું ભાવિ ખૂબ પ્રબળ છે. તે રાજા બનશે તો ચક્રવર્તિ સમ્રાટ થશે અને સાધુ બનશે તો પણ લાખોના અગ્રેસર થશે, બન્ને સુયોગ તેના ભાવિમાં આવે છે, માટે સંસારના દુઃખો તેમની નજરે ચઢવા ન દેશો. તેઓને હંમેશાં વૈભવોમાં જ રાખજો એટલે સંસાર પ્રત્યેની આસક્તિ ન છૂટે.''

પંડિતોના કથન મુજબ બાળકનું નામ સિદ્ધાર્થ રાખવામાં

આવ્યું. રાજા શુદ્ધોદન તો પુત્ર સિદ્ધાર્થને ચક્રવર્તી સમ્રાટ જોવા માગતા હતા. તેથી તેમણે બાળપણથી જ સિદ્ધાર્થની આજુબાજુ ભોગવિલાસનો પૂરતો પ્રબંધ કરી રાખ્યો હતો. જેથી મનમાં કોઈપણ રીતે વૈરાગ્ય ઉત્પન્ન ન થાય તેમના માટે તો ત્રણ ઋતુઓને અનુકૂળ રહે તેવા ત્રણ સુંદર મહેલ પણ બનાવ્યા હતા. જ્યાં નૃત્ય અને મનોરંજનની બધી સામગ્રીઓ રાખી હતી. કેટલાયે દાસ-દાસીઓ તેમની સેવામાં મૂકવામાં આવ્યા હતા. અને તેમને કડક સૂચના પણ આપવામાં આવી હતી કે, દુઃખનું દૃશ્ય કે દુઃખની વાત તેમની નજર સમક્ષ ક્યારેય પણ આવવા દેવી નહિ.

એકવાર વસંતઋતુના દિવસોમાં રથમાં બેસીને ફરવા માટે નીકળ્યા. ત્યાં પ્રથમ તેની નજરમાં એક અતિવૃદ્ધ દેખાયો. હાથમાં લાકડી હતી અને કમરેથી વાંકો વળી ગયો હતો. આવા પુરુષને જીવનમાં પ્રથમ જોયો એટલે કુમાર સિદ્ધાર્થે સારથીને પૂછ્યું : " આ પુરુષને શું થયું છે ?'' સારથીએ કહ્યું: "તે પુરુષ એક દિવસ તમારા જેવો યુવાન હતો, પરંતુ હવે તે વૃદ્ધ થયો છે માટે લાકડીનો ટેકો રાખે છે.'' સિદ્ધાર્થે પૂછ્યું: "મને પણ તેવું વૃદ્ધપણું આવશે ?'' સારથીએ કહ્યું : "દુનિયામાં કોઈ અપવાદરૂપ નથી કે વૃદ્ધપણું ન આવે, મનુષ્યમાત્રને જરા અવસ્થા પરેશાન કરે છે.'' આવું સાંભળીને કુમાર ઉદાસ થઈ ગયા. રથ આગળ ચાલવા લાગ્યો ત્યાં એક રોગીને જોયો. પીડાને લીધે બૂમો પાડતો હતો. શરીરમાંથી લોહી ને પરુ નીકળતા હતાં તેથી અત્યંત દુર્ગંધ આવતી હતી. તેને જોઈને સિદ્ધાર્થે પૂછ્યું :"આ કેમ રડે છે અને તેનું શરીર કેમ ગંધાય છે ?''

સારથીએ જવાબ આપ્યો : "કુમાર ! તેને પતનો રોગ થયો છે તેને કારણે પરુ-લોહી નીકળે છે તેથી તેને અતિ-પીડા થાય છે એટલે રડે છે અને રોગને લીધે તેનું શરીર દુર્ગંધ મારે છે.''

સિદ્ધાર્થે પૂછ્યું :"મને એવો રોગ થાય ખરો.?'' ત્યારે સારથીએ કહ્યું : "જીવાત્માએ ગત જન્મમાં જેવાં કર્મ કર્યા હોય તે પ્રમાણે આ જન્મમાં તેને તે કર્મ સુખ-દુઃખના ફળરૂપે ભોગવવા પડે છે અને આ જન્મમાં જેવાં કર્મ કરે છે તેનું ફળ આવતા જન્મમાં ભોગવે છે. સમગ્ર જીવપ્રાણીમાત્રને નાના મોટા રોગ કર્માનુસારે ભોગવવાં જ પડે છે.''

આવી સારથીની વાણી સાંભળી સિદ્ધાર્થના મનમાં અતિ દુઃખ થયું અને તેઓ વિચાર કરવા લાગ્યા : "આવા દુઃખો મારા જીવનમાં ન આવે તેના માટે મારે શું કરવું જોઈએ ? '' રથ આગળ ચાલે છે કુમારનું મન વિચારોના ચકડોળે ચઢ્યું છે ત્યાંતો અચાનક તેમની નજર એક પુરુષોના ટોળા ઉપર પડી, પુરુષો રડતા હતા, ચાર પુરુષો નનામીમાં સૂતેલા એક વ્યક્તિને ઉપાડીને ચાલતા હતા. આ દૃશ્ય જોઈ કુમારને આશ્ચર્ય થયું એટલે સારથીને પૂછ્યું :"આટલા બધા માણસો એક માણસને બાંધીને ક્યાં લઈ જાય છે ?'' સારથીએ કહ્યું : "કુંવરજી ! તે માણસનું મૃત્યું થયું છે તેથી તેઓને અગ્નિસંસ્કાર કરવા લઈ જાય છે. '' કુમારે પૂછ્યું : "મૃત્યુ એટલે શું.?'' સારથીએ કહ્યું : "જેનો જન્મ છે તેનું મૃત્યુ અનિવાર્ય છે, કર્માનુસારે જીવાત્મા માનવદેહમાં આવે ત્યારે તેમની આયુષ્ય નક્કી થયેલ હોય છે. આયુષ્ય પૂરી થતાં 'રાજા હોય કે રંક' સર્વેને આ લોક છોડીને જવું પડે છે. આ દેહમાંથી જીવાત્મા જતો રહે પછી તેને બાળી દેવો પડે અથવા જમીનમાં દાટી દેવો પડે, માટે આ લોકો મૃતદેહને લઈને બાળવા જઈ રહ્યા છે કારણ કે- તેમાંથી ચેતન તત્ત્વ જતું રહ્યું છે.''

કદીપણ મૃત્યુની વાત જેમણે સાંભળી નથી એવા સિદ્ધાર્થે પ્રથમવાર આવી વાત સાંભળી એટલે ઊંડા વિચારોમાં ઊતરી ગયા. ઉપરાઉપરી ત્રણ પ્રસંગ દુઃખના જોઈને સંસારપ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન થયો, સાંજે રથ રાજ્યમાં પાછો આવ્યો, સિદ્ધાર્થે મનમાં નક્કી કરી વાળ્યું :"હવે રાજ્યમાં રહેવું નથી.'' એટલે રાત્રિના બાર વાગ્યે પત્ની યશોધરા અને પુત્ર રાહુલને છોડીને રાજ્યનો ત્યાગ કરી જંગલમાં જતા રહ્યા અને કઠિન સાધના કરી પૃથ્વી ઉપર અહિંસા ધર્મનો બહોળો પ્રચાર કર્યો.

આરબ દેશનો શહેનશાહ સમ્રાટ બાજંદશાહ એકવાર તેર તુંબાનું વિશાળ સૈન્ય લઈને બીજા દેશો ઉપર ચઢાઈ કરવા જતો હતો. એક શહેરમાંથી સૈન્ય જઈ રહ્યું હતું, તે સમયે એક સાંકડી ગલી આવી, ત્યારે એક ઊંટ અચાનક ત્યાં મૃત્યુ પામ્યો; તેના કારણે રસ્તો બંધ થઈ ગયો. ત્યારે બાજંદશાહે પૂછ્યું : "ક્યા હુઆ ? સૈન્યકો કિસને રોકા ?'' ત્યારે કાજીએ કહ્યું : "જહાંપનાહ ! છોટી સી ગલીમેં ઊંટ મર ગયા હૈ, ઈસલીયે રાસ્તા બંધ હો ગયા હૈ.'' આવું સાંભળી બાજંદશાહને નવાઈ લાગી તેથી તે જોવા ગયો.

આવીને તેણે મરેલ ઊંટને જોયો તેથી બોલ્યો : "ઈસમેં ક્યા મર ગયા હૈ ? મુખ હૈ, પૈર હૈ ઔર સબકુછ હૈ; તો ફિર ઈસમેં ક્યા મર ગયા હૈ ?'' ત્યારે એક ફકીર બોલ્યા : "ઈસમેંસે આત્મા ચલા ગયા હૈ.'' ત્યારે બાજંદે પૂછ્યું : "ક્યા સબકે દેહમેંસે આત્મા ચલા જાતા હૈ ?'' ત્યારે ફકીર બોલ્યા : "ગરીબ હો યા તવંગર, ફકીર હો યા બાદશાહ, સબકો એકદિન જાના પડેગા. દેહ કીસીકા અમર નહિ હૈ, 'આયેગા સો જાયેગા રાજ રંક ફકીર.' હે બાજંદશાહ ! આપકો ભી એક દિન જાના પડેગા, એ તેરતુંબા જો સૈન્ય હૈ ના ? વો ભી યહાં રહેગા ઔર આપકા સારા રાજ્ય ભી યહાં હિ રહેગા.'' આવું સાંભળી બાજંદશાહ બોલી ઊઠ્યો : "ઈતના બડા રાજ્ય ઔર સેના યહાં રહેગી ! તો ફિર મેરી સાથ કૌન આયેગા ?'' ત્યારે ફકીરે કહ્યું : "ખુદાકી બંદગી ઔર પાપ-પુણ્ય.''

બસ. તેજીને ટકોર, એ ન્યાયે એક જ શબ્દ બાજંદશાહના હૃદયમાં ઊતરી ગયો ! અને ત્યાંથી જ રાજપોશાક ઉતારી ફકીરનાં કપડાં પહેરી ચાલી નીકળ્યા. આ પ્રસંગની નોંધ

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદસ્વામી કહે છે : 'ઊઠી ન શકે ઊંટિયો, બહુ બોલાવ્યો બાજંદજી તેને રે દેખીને ત્રાસ ઉપજ્યો, લીધી ફકીરી છોડ્યો ફંદજી.'

કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય એટલે સૌ લોકો તેનો અગ્નિસંસ્કાર કરવા સ્મશાનમાં લઈ જાય, ત્યાં જઈને આગ લગાડે, પછી એકબીજાની રુચિ મળતી હોય તેવા લોકોનાં નાના-મોટા જૂથો જુદાં જુદાં બેસીને વાતની શરૂઆત પેલા બળતા શબ સામું જોઈને કરે : "જોયુંને કલ્યાણ ! સાંભળ એય નિરંજન, આ અમરલાલ પાસે લાખો રૂપિયા હતા પરંતુ એકપણ પાઈ સાથે ગઈ નહિ. તેમણે તો ધન કમાવવામાં જ જિંદગી પૂરી કરી ? ક્યારેય પણ દેવ દર્શન કરવા જતા નહિ અને સાધુ-સંતોને કે ગરીબ લોકોને ક્યારેય અન્ન-વસ્ત્ર આપ્યાં નથી, રૂપિયા તિજોરીમાં પડ્યા રહ્યા અને ખાલી હાથે જતા રહ્યા. આપણે પણ તેમની જેમ ખાલી હાથે જવાના છીએ, માટે હવે તો હરિભજન કરી લેવું અને પરલોક પામવા માટે પુણ્યનું ભાથું ભરી લેવું." તેની વાત સાંભળી કલ્યાણદાસે ટાપશી પૂરી : "હા, અવિચળદાસ ! હા, 'જે હાથે તે સાથે' જુઓને મોટા મોટા રાજાઓ પણ રાજ્ય મૂકીને મરી ગયા અને સાથે તો કાંઈ ગયું નથી, ખરુને અક્ષરદાસ ?" ત્યાં તો અક્ષરદાસે સૂર પૂરાવ્યો : "સાચી વાત કલ્યાણદાસ સાચી વાત, હવે તો આપણે દરરોજ દેવદર્શનનું નિયમ લેવું અને મંદિરે સાધુ પાસે કથા સાંભળવા જવું અને મનખાદેહને સુધારી લેવો." આમ વાત કરતા હતા ત્યાં દૂર બેઠેલા વિદેહદાસે સાક્ષી પૂરાવી : "ખરુ કહો છો અક્ષરદાસ ! આ અમરલાલ તો કાલે મારી જોડે ચોતરે બેઠો હતો અને ઘેર જતાં રસ્તામાં જ ગબડી પડ્યો અને આતમરામ ઉડી ગયો. અરે ભાઈઓ ! આ જગત નાશવંત છે, આ સંસાર તો પંખીડાના મેળા જેવો છે. જન્મ્યા તે બધા જ મરવાના છે માટે પ્રભુ ભજી લેવા. આ સંસારમાં કોઈ કોઈનું સગું નથી, પુત્ર પરિવાર તો અહીંયા જ રહેવાનો છે. જીવ એકલો આવ્યો છે અને એકલો જવાનો છે."

"દુઃખ જોઈને મન વિચલિત થાય એને કરુણા પ્રગટે. પરંતુ માણસને તો સ્મશાનમાં હોય ત્યારે વૈરાગ્ય પ્રગટે. સ્મશાન સમયે વાતો સાંભળવાની મજા આવે. આપણને તો એમ લાગે કે, આ બધા અહીંથી ગિરનાર પર્વતે સિદ્ધો થવા જતાં રહેશે !"

આમ વૈરાગ્યની વાતો કરતા હોય તેટલા સમયમાં શબ બળી જાય પછી વાતો બંધ કરીને સ્નાન કરવા જાય અને અંતે ઘેર આવીને કુટુંબ પરિવારને જુએ એટલે સ્મશાનનો વૈરાગ્ય ઊડી જાય અને પહેલાંની જેમ ચોરે બેસવાનું અને ચોતરે બેસવાનું શરુ કરી દે.

દુઃખ જોઈને મન વિચલિત થાય એને કરુણા પ્રગટે. પરંતુ માણસને તો સ્મશાનમાં હોય ત્યારે વૈરાગ્ય પ્રગટે. સ્મશાન સમયે વાતો સાંભળવાની મજા આવે. આપણને તો એમ લાગે કે, આ બધા અહીંથી ગિરનાર પર્વતે સિદ્ધો થવા જતાં રહેશે ! પરંતુ જ્યાં ઘરે આવે ત્યાં હતા એના એજ. જો સ્મશાનમાં વૈરાગ્ય પ્રગટે એ રહી જાય તો કરુણા પ્રગટી જાય.

એક **માણસ**ને કબીરજીને મળવાનું ખૂબ મન થયું. તે દોડતો કબીરની ઝૂંપડીએ આવ્યો. ત્યાં ખબર પડી કે કબીર તો સ્મશાને ગયા છે. પરંતુ તેમને તો કબીરને મળવાની ઉતાવળ હતી અને સ્મશાનમાં તો ઘણા માણસો હોય. એમાં કબીરને ઓળખવા કેમ ?

ઘેરેથી જવાબ મળ્યો કે, "જેને માથે જ્ઞાન રૂપી જ્યોત જલતી હોય તે કબીર."

પેલો માણસ દોડ્યો સ્મશાન ભણી. સ્મશાનમાં આવી તેણે જોયું તો બધાના માથા ઉપર જ્યોત જલતી હતી.. આનો અર્થ એ થયો કે, સ્મશાનમાં બધાને જ્ઞાન થાય છે, વૈરાગ્ય થાય છે.

આમાં કબીર કોણ એ તો કેવી રીતે ખબર પડે ? તે મૂંઝાઈ ગયો. આમાં કબીર કોણ ? પછી તેણે કોઈને પૂછ્યું તો જવાબ મળ્યો કે, "સ્મશાનથી પાછા ફરતા પણ જેના માથા પર જ્યોત જલતી હોય તેને કબીર જાણજો."

પેલા માણસે જોયું તો લોકો સ્મશાનેથી પાછા ફરતા હતા ત્યારે એક માણસના માથા પર જ્યોત જલતી હતી. બીજા બધાના માથા પરની જ્યોત ઓલાઈ ગઈ હતી.

આગંતુકે જેના માથે જ્યોત જલતી હતી તેને વંદન-પ્રણામ કર્યા ને પૂછ્યું : "આપ જ કબીરસાહેબ છો ?"

"હા, મને બધા કબીર કહે છે. સાહેબ તો ઉપરવાળો." કબીરે જવાબ આપ્યો.

મુલાકાતીના મનમાં આશ્ચર્ય થયું. જ્યોતનું રહસ્ય જાણવા તે તલપાપડ થઈ રહ્યો હતો. તેણે પૂછ્યું : "મહારાજ ! સ્મશાનમાં તો સૌના માથા પર જ્યોત જલતી હતી. અત્યારે આપના એકલાના જ મસ્તક પર ! આનું રહસ્ય સમજાવશો ?"

કબીરે કહ્યું : "ભાઈ ! હું શું સમજાવું ? જેવી પ્રભુની મરજી."

પેલા માણસે આજુબાજુના અન્ય લોકો વચ્ચે થતી વાતચીત સાંભળી. કોઈ વેપારમાં વધુ નફા માટે, કોઈ સત્તાના ઊંચા પદ માટે, કોઈ વળી હરીફને હરાવવા માટેની વાતચીત કરતા હતા. માત્ર કબીરજીના હોઠ પર **રામનામ** હતું.

પેલા માણસને કશું કહેવું ન પડ્યું. સ્મશાનમાં તો સૌના માથા ઉપર જ્ઞાન અને વૈરાગ્ય રૂપી **જ્યોત** જલતી હતી, પરંતુ એને જીવનમાં જલતી કેટલા રાખે છે ?

બીજાના મૃત્યુમાં પોતાનું મૃત્યુ જોઈ શકે તેને જ્ઞાન થાય. માણસને પ્રથમ તો જીવનની ક્ષણભંગુરતાની વાસ્તવિકતાનો

સારી રીતે ખ્યાલ આવવો જોઈએ. સને ૧૯૩૭માં સ્પેનમાં આંતરવિગ્રહ થયેલો ત્યારે **અર્નેસ્ટ હેમીંગ્વે** નામનો નોબલ પુરસ્કાર વિજેતા સાહિત્યકાર અમેરિકાથી ત્યાં સૈનિક તરીકે લડવા ગયેલો. યુદ્ધમાં કોઈ મરે એટલે ગામના ચર્ચમાં તેના પ્રથમ ખબર આવે. ચર્ચનો પાદરી આ ખબર આપવા ઘંટ વગાડે એટલે ગામના લોકો કોણ મરી ગયું તે જાણવા ચર્ચમાં ભેગા થાય. આ હકીકત ઉપર હેમીંગ્વેએ એક સાહિત્યિક **રચના** કરી : **'For Whom the bell Tolls'** - કોના માટે આ ઘંટ વાગે છે ? અને ત્યાં તે લખે છે કે, **'It tolls for thee'** અરે, આ ઘંટ તો તારો જ મૃત્યુઘંટ છે. તું કો'કના મૃત્યુના સમાચાર સાંભળવા આવ્યો છે પરંતુ તારું મૃત્યુ પણ નિશ્ચિત જ છે.

સંત **એકનાથજી**નું પવિત્ર નિષ્પાપ જીવન જોઈને કોઈ માણસે તેમને પૂછ્યું : "બાપજી ! તમારું જીવન કેટલું સુંદર છે. તમને જ્યારે જોઈએ ત્યારે પરમ સુખી ને શાંત દેખાઓ છો. અમને તો શાંતિ એક ક્ષણ પણ પ્રાપ્ત થતી નથી. આપ એવો ઉપાય બતાવો કે અમને લોભ, મોહ, મત્સર વગેરે દુર્ગુણો ન સતાવી શકે અને જીવનમાં આનંદની પ્રાપ્તિ કરી શકીએ."

એકનાથજીએ કહ્યું : "તને આ ઉપાય તો હું બતાવી શકતો હતો, પરંતુ તું તો હવે ફક્ત સાત જ દિવસનો મહેમાન છો. માટે હવે પહેલા જેવું જ જીવન તારું વ્યતીત કરી લે."

તે માણસે જેવું સાંભળ્યું કે તે હવે વધુ દિવસ સુધી જીવી શકે તેમ નથી. તે એકદમ ઉદાસ થઈ ગયો અને તુરત જ તેના ઘરે પાછો ફરી ગયો. ઘરમાં જઈને તેણે પત્નીને કહ્યું : "મેં તને અનેક વખત કારણ વિના દુઃખ આપ્યું છે. મને માફ કરજે." પછી બાળકોને કહ્યું : "બાળકો ! મેં તમને ઘણીવખત માર માર્યો છે, મને તેના માટે માફ કરજો." આડોશીપાડોશી અને મિત્રોની પાસે જઈને પણ તેણે માફી માંગી. આ રીતે સાત દિવસ પસાર થઈ ગયા તો પણ તેનું મૃત્યુ થયું નહિ. આઠમે દિવસે તેણે એકનાથજી પાસે આવીને ગુસ્સામાં કહ્યું : "સાત દિવસ પસાર થઈ ગયા પણ મારું મૃત્યુ તો થયું નહિ."

ત્યારે એકનાથજી કહે : "તું પેલા એ બતાવ કે આ સાત દિવસ કેવા વિત્યા ? ભોગ-વિલાસમાં મસ્ત બની અને તે આનંદ તો મેળવ્યો હશે ને ?"

"શું કહ્યું ? મને સાત દિવસમાં મૃત્યુ સિવાય બીજી કોઈ જ વસ્તુ દેખાણી નથી. એટલા માટે જ મને મારા દ્વારા કરેલા બધા જ દુષ્કર્મ સ્મરણ થવા લાગ્યા અને તેનાં પ્રાયશ્ચિત્ત કરવામાં જ આ સમય પસાર થઈ ગયો."

એકનાથજીએ કહ્યું : "અમારે માથે હંમેશાં મૃત્યુનો ભય (જાણપણું) છે, તેથી પાપ થતાં જ નથી એટલે પરમ શાંતિ અનુભવીએ છીએ."

જનક રાજા **વિદેહી** હતા. તેમના રાજ્યમાં એક વિદ્વાન અને એક સામાન્ય એમ બે બ્રાહ્મણો રહેતા હતા. એકદિવસ વિદ્વાને કહ્યું : "હાલો, જનકરાજાને પ્રશ્ન પૂછવા જઈએ કે તમે વિદેહી કેમ છો ?"

સામાન્ય બ્રાહ્મણે કહ્યું : "રહેવા દે. રાજા, વાજા ને વાંદરા, તેની અછતાઈ ન કરવી. તેનું મન ઠેકાણે ન હોય. આપણું કાંયનું કાંય કરી દે."

છતાં રાજા પાસે જઈને પૂછ્યું. રાજા જનકે તરત જ હુકમ કરી હાથકડી પહેરાવી કહ્યું : "આ બંનેને મોટા બંગલામાં લઈ જાવ. સારી રીતે ત્યાં રાખો. સવારે તેમને ફાંસી આપવાની છે." બંને વિલાપ કરવા લાગ્યા. મહેલ જેવો સારો બંગલો, સુંદર સેજ, ગાદલાં-તકિયા બધું હતું પણ બંનેને ફાંસી દેખાતી હતી. સોનાના થાળમાં અનેક પ્રકારનું સ્વાદિષ્ટ ભોજન આવ્યું પણ કેવી રીતે ખાઈ શકે ? ફાંસી જ દેખાતી હતી ! સવાર પડ્યું સુંદર દાતણ આવ્યા. સોનાની ડોલમાં પાણી ભરી નવરાવ્યા. પણ કશું ગમે નહિ. પછી બંનેએ નોકરને બોલાવી વાત કરી કે, 'ભગવાન ભજવા દેહ મળ્યો છે ને જનકરાજા ફાંસી આપશે તો અમારો મોક્ષ નહિ થાય, માટે રાજાને કહો કે અમને બીજો દંડ આપે.'

નોકર રાજા પાસે લઈ ગયો. રાજાએ કહ્યું : "કોઈ હાજર છે ?"

"હા."

"બે સોનાનાં છલોછલ તેલ ભરેલાં પાત્ર આ બંનેના હાથમાં આપો. આખી મિથિલા નગરીમાં ફેરવો. તેમની બંને બાજુ બે સિપાઈ ઉઘાડી તલવારે હાજર રહે. જો જરાક તેલ ઢળે, તો તરત તેમનું માથું ઉડાડી નાખજો."

ત્રણ કલાકે નગરી ફરી પાછા ફર્યા. જનક રાજાએ કહ્યું : "તમને સુંદર બંગલો, પલંગ, રેશમી વસ્ત્રો, દાતણ, ભોજન આ બધું કેવું લાગ્યું ?"

"રાજન્ ! ફાંસીમાં જ એક વૃત્તિ હતી કે હમણાં સવાર પડશે. એમ બીક રહ્યા કરતી. ક્યાંય ચેન પડ્યું નહિ."

"મિથિલામાં ત્રણ કલાક ફર્યા, તેમાં શું જોયું ?"

"અમારે તો સોનાના પાત્રમાં જ નજર હતી. માંડ માંડ દરબારમાં પહોંચ્યા, બીજું જોયું છે જ કોણે !"

"સાંભળો ! હું સંસારમાં રહ્યો છું પણ હમણાં કાળ મારે માથે આવી પડશે એમ જાણપણું રાખું છું. એટલે હું આમ વિદેહી છું. કામ બધું કરું છું પણ વૃત્તિ ભગવાનમાં જ રાખું છું."

શાસ્ત્રકારો કહે છે કે, મનુષ્ય દેહ મળ્યા પછી જે ભગવાનમાં પ્રીતિ નથી કરતો તે મહા કૃતઘ્ની છે. બીજાને માટે નહિ, પણ સ્વયં પોતાની જાતને માટે કૃતઘ્ની બન્યો છે. પરમાત્માએ અદ્ભુત મનુષ્ય દેહ આપ્યો, તેમ છતાંય મોક્ષનું કાર્ય કરી ન શક્યો અને આ દેહમાં પ્રીતિ રાખીને બેઠો છે. આ દેહમાં શું લેવાનું છે ?

'अस्थिस्तम्भं स्नायुबद्धं मांसशोणितलेपितम् । चर्मावनद्धं दुर्गन्धं पात्रं मूत्रपुरीषयोः ।।६।। जराशोकविपाकार्तं रोगाणां मन्दिरं परम् । दुष्पूरं च कृतघ्नं च सदोषं क्षणभङ्गुरम् ।।७।। कृमिविड्भस्मसंज्ञान्तं शरीरमिति वर्णितम् । तेन संसाधयेद्धीमान्स्वकार्यं यः स पण्डितः ।।८।।' - આ શરીરમાં હાડકાંરૂપી સ્તંભ છે તે અસ્થિને ચારે કોર સ્નાયુ વીંટળાયેલા છે. સ્નાયુબદ્ધ અસ્થિ તે માંસ અને રુધિરથી લીંપેલાં છે અને ઉપર સુંદર દેખાતી ચામડીથી ઢાંકેલાં છે : આ બધી વસ્તુઓ અપવિત્ર અને દુર્ગંધ યુક્ત છે. આ શરીર મૂત્ર અને વિષ્ટાનું પાત્ર છે તેમજ આ શરીર વૃદ્ધત્વ, શોક વગેરેના પરિણામથી દુઃખ અને રોગનું મોટું ઘર છે. આ શરીરને ગમે તેટલું ખવડાવો છતાં તે ભરાતું નથી. સમય પ્રમાણે કામ ન આપનાર હોવાથી આ શરીર કૃતઘ્ન છે. દોષયુક્ત, ક્ષણ વારમાં નાશ પામે એવા આ શરીરને ગમે તેટલું સાચવે છતાં તે ભસ્મ-વિષ્ટા અને કીડારૂપે બની અંતે ભસ્માદિકની સંજ્ઞા પામે છે. આમ સર્વ પ્રકારે દોષવાળા આ શરીરથી જે મોક્ષરૂપી પોતાનું કાર્ય કરી લે તેને વિદ્વાનો **પંડિત** કહે છે.

(શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૩/૬-૮)

આવા નાશવંત દેહમાં પ્રીતિ રાખી ભગવાનનું જે ભજન કરતો નથી, પરમાત્માની કથાવાર્તા સાંભળતો નથી તેને શાસ્ત્રકારો-ઋષિમુનિઓ-મહાપુરુષો આત્મહત્યારો કહે છે.

'यत्प्रातः संस्कृतं चान्नं सायं तत्तु विनश्यति । तदीयरससम्पुष्टे काये का नाम नित्यता ।।' - સવારે બનાવેલી રસોઈ સાંજ થાય ને ઊતરી જાય એવા અન્નથી પુષ્ટ થયેલો આ દેહ, એમાં શું પ્રીતિ રાખવા જેવું છે ? આવા દેહમાં શું જીવાત્મા પ્રીતિ રાખે છે, મોહ રાખે છે કે 'હું રૂપવાન છું, હું ધનાઢ્ય છું.'

(શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૩/૯)

મનુષ્ય માત્રને એક દહાડો **સંજ્ઞા** એવી જ થવાની છે કે, બધાય ભેગા થઈને કાં તો સળગાવી દેશે ને કાં તો દાટી દેશે. તેથી જ તો કોઈ સંતકવિ કહે છે :

**'કિસી કી લાશ કો યહાં ચિતામેં જલાઈ જાતી હૈ,**
**કિસી કી લાશ કો યહાં કબ્રમે દફનાઈ જાતી હૈ;**
**કિસી કી લાશ કો યહાં ગીધ કો ખીલાઈ જાતી હૈ,**
**કિસી કી લાશ પર યહાં ફૂલ ચઢાએ જાતે હૈ;**
**યુંહી બના બનાકર પ્યારે તેરી,**
**ઈસ તરહસે ઈસ દુનિયાસે મીટાયે જાતે હૈ.'**

શાસ્ત્રકારોનો **અટલ નિર્ણય** છે કે, નામ એનો નાશ છે, જન્મે તે મરે છે. રાવણને મરવું પડ્યું, કંસને મરવું પડ્યું, અરે ! હિરણ્યકશિપુને કેટલા બધા વરદાન ? છતાં પણ મૃત્યુએ તેનો પીછો ન છોડ્યો :

**'સંતાઈ પેઠે નહિ મોત મૂકે, ચુકાવવાથી નહિ મોત ચૂકે;**
**અનેક દોરા દશિ હાથ બાંધે, આયુષ્ય તૂટે નહિ કોઈ સાંધે.'**

(શ્રીહરિલીલામૃત : ૩/૩)

એક દિવસ સગા-કુટુંબ પરિવાર બધા ભેગા થઈને આ દેહને મીટાવી દેશે. તો એવા નાશવંત દેહમાં શું પ્રીતિ રાખવી ઘટે ? આ જીવનદીપ બુઝાઈ જશે તેની કલ્પના પણ નહિ આવે. કઈ રીતે આ લોકમાંથી વિદાય લેવાનો સમય આવી ગયો તેની ખબર પણ નહિ પડે. માટે ડાહ્યો પુરુષ તો એનું જ નામ, જે મોક્ષને માટે જતન કરે.

સામાન્ય મનુષ્ય આ લોકનું ભેગું કરવામાં જ જીવન ખરચી નાંખે છે. અરે, સાત પેઢી ચાલે તેટલું દ્રવ્ય ભેગું કર્યું હોય તોપણ આઠમી પેઢીની ચિંતામાં રહે છે ! છોકરા પોતપોતાનું નસીબ લઈને આવે છે માટે જવાબદારી નિભાવવા પૂરતું કરીને આપણે તો ભગવાન ભજી લેવા.

એક ભરવાડને શેઠે કહેલું કે, આ સો ઢોર રાત્રે બેસી જાય પછી તું સૂવા જજે. ઢોરને બેસતાં બેસતાં રાતના બે વાગી ગયા. હવે એક અડિયલ ઢોર બાકી રહેલું. તે બેસતું નહોતું તેથી તેને જોર દઈને બેસાડ્યું. તેમાં ધબાકો થયો અને બેઠેલા ૯૯ ઢોરો ઊભા થઈ ગયા ! હવે સૂવાનો મેળ ક્યારે પડશે ?

ઘણા મનુષ્યોને એમ થાય કે આટલું વ્યવહારનું કામ પતાવી લઉં પછી ભગવાન જ ભજવા છે. પણ તે પતાવવામાં બીજા ૯૯ કામ ઊભા થાય છે, તો ભગવાન ક્યારે ભજાશે ? વ્યવહારમાં 'બાર મહિમાનું વરસ અને તેર મહિનાનું કામ' જેવું છે.

ભગવાન શ્રીહરિ આપણને સાવધાન કરતા ગઢડા અંત્ય પ્રકરણના ૩૦મા વચનામૃતમાં કહે છે :- "આપણે દેહને મૂકીને જરૂર મરી જવું છે ને તેનો વિલંબ નથી જણાતો, એ તો એમ જ નિશ્ચય જણાય છે જે, આ ઘડી ને આ ક્ષણમાં આપણે મરવું છે... આપણે મરીશું તેમાં આટલું કામ તો આપણે કર્યું છે ને આટલું બાકી છે."

**'ક્યોં આયે હમ ક્યા કરતે હૈ ક્યા કરના હૈ સમજ લે જીવડા,**
**એ દો દિન કી જિંદગી અપને પથપે ચલો જીવડા.'**

**સામાન્ય મનુષ્ય આ લોકનું ભેગું કરવામાં જ જીવન ખરચી નાંખે છે. અરે, સાત પેઢી ચાલે તેટલું દ્રવ્ય ભેગું કર્યું હોય તોપણ આઠમી પેઢીની ચિંતામાં રહે છે ! છોકરા પોતપોતાનું નસીબ લઈને આવે છે માટે જવાબદારી નિભાવવા પૂરતું કરીને આપણે તો ભગવાન ભજી લેવા.**

ક્રમશઃ



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી
તથા સાધુ ધર્મવલ્લભદાસજી




કોટડા પીઠાને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ
પાર્ષદ ખુશાલ ભગતના વક્તાપદે કથાપારાયણમાં પધારતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




ભાવનગરને આંગણે શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિરના પટાંગણમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા
પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ નવરાત્રી રાસોત્સવ તથા શરદોત્સવ




સુરત ખાતે અગ્રણી બિલ્ડર્સ અને દાનવીર શ્રી લવજીભાઈ બાદશાહના નિવાસસ્થાને
ઠાકોરજી સાથે પધરામણી કરતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




સુરત ખાતે જીવદયા ટ્રસ્ટ આયોજીત આગામી કથાપારાયણ પ્રસંગે
ઠાકોરજી સાથે પધરામણી કરતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




તલગાજરડાને આંગણે શ્રી હરિભાઈ આહીરના યજમાનપદે યોજાયેલ
પૂ. શ્રી મોરારી બાપુના શ્રીમુખે રામકથા પ્રસંગે ઉપસ્થિત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




નારી (ભાવનગર) ગામને આંગણે શ્રી શામજીભાઈ ગઢીયાના યજમાનપદે યોજાયેલ
પૂ. શ્રી જીગ્નેશદાદાના શ્રીમુખે શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગે ઉપસ્થિત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી.




મોરબાને આંગણે ઘેલાણી પરિવાર યજમાનપદે પૂ. શ્રી ભગીરથભાઈ વ્યાસના વક્તાપદે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારી દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




કાંકચ ગામને આંગણે ખોખર પરિવારના યજમાનપદે પૂ. શ્રી પૂર્ણસ્વરૂપદાસજી સ્વામીના વક્તાપદે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




ભંડારીયા ગામને આંગણે યોજાયેલ દિવ્ય રાત્રિ સત્સંગ સભામાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

## પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીની આગામી કથાપારાયણો

| કથા તારીખ | કથા સ્થળ |
|---|---|
| ૮ થી ૧૨-૧૨-૨૦૧૮ | **મકરપુરા,** વડોદરા. સંપર્ક :- ૯૯૭૯૯૮૧૦૦૮ |
| ૧૫ થી ૨૧-૧૨-૨૦૧૮ | મુ. **પરબ વાવડી,** તા.ભેંસાણ, જી. જૂનાગઢ. સંપર્ક :- મો. ૯૪૨૮૮૯૦૨૦૨ |
| ૨૪ થી ૩૦-૧૨-૨૦૧૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર, **કેશોદ.** મો. ૯૯૭૮૭૦૯૦૦૯ |
| ૬ થી ૧૨-૧-૨૦૧૯ | શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, કોર્ણાક-પુરી રોડ, **જગન્નાથપુરી** (ઓરિસ્સા). |
| ૨૩ થી ૨૫-૧-૨૦૧૯ | શ્રી સ્વા. મંદિર, સીમાડા-યોગીચોક, **સુરત.** મો. ૯૦૯૯૯૯૯૬૨૧ |
| ૯ થી ૧૩-૩-૨૦૧૮ | મુ. **મગનપુરા,** તા. જી. ખેડા. સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૧૪ થી ૨૦-૩-૨૦૧૯ | શ્રી સ્વા. મંદિર, સીમાડા-યોગીચોક, **સુરત.** મો. ૯૦૯૯૯૯૯૬૨૧ |
| ૭ થી ૯-૫-૨૦૧૯ | મુ. **કલમ,** તા. જી. ભરુચ. સંપર્ક :- મો. ૯૪૨૭૧૫૬૫૨૯ |

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ

# નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા કથાપારાયણ તિથિ-તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૧-૧૨-૨૦૧૮ થી<br>૭-૧૨-૨૦૧૮ | કારતક વદ - ૯ થી<br>કારતક વદ - ૩૦ | દશાબ્દિ મહોત્સવ<br>શ્રી સત્સંગિજીવન કથા | મુ. **ઘોરા**, તા. ઉમરેઠ, જી. આણંદ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૨ | ૨૩-૧૨-૨૦૧૮ થી<br>૨૯-૧૨-૨૦૧૮ | માગશર વદ - ૧ થી<br>માગશર વદ - ૮ | શ્રીમદ્ ભાગવત<br>કથા મહોત્સવ | મારવેલા કોરીડેરની સામે, **V.I.P** રોડ, વેસુ **(સુરત)**<br>સંપર્ક :- મો. ૭૬૨૨૮૮૪૭૪૭ |
| ૩ | ૩૦-૧૨-૨૦૧૮ થી<br>૫-૧-૨૦૧૯ | માગશર વદ - ૯ થી<br>માગશર વદ - ૩૦ | શ્રીમદ્ ભાગવત<br>કથા મહોત્સવ | **રાજકોટ**<br>સંપર્ક :- મો. ૯૮૨૫૦૭૭૪૫૪ |
| ૪ | ૬-૧-૨૦૧૯ થી<br>૧૨-૧-૨૦૧૯ | પોષ સુદ - ૧ થી<br>પોષ સુદ - ૬ | દશાબ્દિ મહોત્સવ<br>શ્રી સત્સંગિજીવન કથા | મુ. **ચણાકા**, તા. ભેંસાણ, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૧ |
| ૫ | ૧૨-૧-૨૦૧૯ થી<br>૨૦-૧-૨૦૧૯ | પોષ સુદ - ૬ થી<br>પોષ સુદ - ૧૪ | ખાતમૂહુર્ત મહોત્સવ<br>શ્રી સત્સંગિજીવન કથા | **'નૂતન શ્રી સ્વા. મુખ્ય મંદિરનું મેદાન'** મહુવા<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૨૨ |
| ૬ | ૨૨-૧-૨૦૧૯ થી<br>૨૮-૧-૨૦૧૯ | પોષ વદ -૨ થી<br>પોષ વદ -૮ | શ્રીમદ્ ભાગવત<br>કથા મહોત્સવ | **ગાયત્રી મંદિરનું ગ્રાઉન્ડ, જલાલપોર રોડ, નવસારી**<br>સંપર્ક :- મો. ૯૪૨૬૧૫૭૫૧૮ |
| ૭ | ૨૯-૧-૨૦૧૯ થી<br>૪-૨-૨૦૧૯ | પોષ વદ - ૯ થી<br>પોષ વદ - ૩૦ | શ્રીમદ્ સત્સંગિજીવન<br>કથા મહોત્સવ | મુ. **ઉત્તરાજ**, તા. શિનોર, જી. વડોદરા<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૮ | ૬-૨-૨૦૧૯ થી<br>૧૦-૨-૨૦૧૯ | મહા સુદ - ૨ થી<br>મહા સુદ - ૫ | નૂતન હરિમંદિર<br>મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | **મહાપૂજાધામ - રાજકોટ**<br>સંપર્ક :- મો. ૯૪૦૯૨૫૬૪૬૪ |
| ૯ | ૧૦-૨-૨૦૧૯ થી<br>૧૬-૨-૨૦૧૯ | મહા સુદ - ૫ થી<br>મહા સુદ - ૧૧ | નૂતન હરિમંદિર<br>મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | મુ. **પલાણા**, તા. નડિયાદ, જી. ખેડા<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૧૦ | ૨૦-૨-૨૦૧૯ થી<br>૨૬-૨-૨૦૧૯ | મહા વદ - ૧ થી<br>મહા વદ - ૮ | શ્રી સત્સંગિજીવન કથા<br>રત્નાકર સમારોહ | **ગોધરા**<br>સંપર્ક :- મો. ૯૮૯૮૦૪૭૬૬૫ |
| ૧૧ | ૨૮-૨-૨૦૧૯ થી<br>૬-૩-૨૦૧૯ | મહા વદ - ૧૦ થી<br>મહા વદ - ૩૦ | રજત જયંતી મહોત્સવ<br>શ્રી સત્સંગિજીવન કથા | મુ. **પીપળાવ**, તા. જી. આણંદ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૧૨ | ૨૩-૩-૨૦૧૯ થી<br>૨૯-૩-૨૦૧૯ | ફાગણ વદ - ૩ થી<br>ફાગણ વદ - ૯ | શ્રીમદ્ સત્સંગિજીવન<br>કથા મહોત્સવ | **પીનર-લંડન (UK)**<br>સંપર્ક :- મો. ૦૦૪૪૭૭૯૮૬૫૭૨૧૬ |
| ૧૩ | ૧૩-૪-૨૦૧૯ થી<br>૧૯-૪-૨૦૧૯ | ચૈત્ર સુદ - ૮ થી<br>ચૈત્ર સુદ - ૧૫ | શ્રીમદ્ સત્સંગિજીવન<br>કથા મહોત્સવ | **બોરિવલી, મુંબઈ**<br>સંપર્ક :- મો. ૯૮૨૦૧૮૦૦૪૫ |
| ૧૪ | ૨૦-૪-૨૦૧૯ થી<br>૨૬-૪-૨૦૧૯ | ચૈત્ર વદ - ૧ થી<br>ચૈત્ર વદ - ૭ | રજત જયંતી મહોત્સવ<br>શ્રી સત્સંગિજીવન કથા | મુ. **ત્રાલસા**, તા. જી. ભરુચ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૧૫ | ૨૮-૪-૨૦૧૯ થી<br>૪-૫-૨૦૧૯ | ચૈત્ર વદ - ૯ થી<br>ચૈત્ર વદ અમાસ | શ્રીમદ્ ભાગવત<br>કથા મહોત્સવ | **માણાવદર**<br>સંપર્ક :- મો. ૯૪૨૬૨૩૦૭૬૬ |
| ૧૬ | ૫-૫-૨૦૧૯ થી<br>૧૧-૫-૨૦૧૯ | વૈશાખ સુદ - ૧ થી<br>વૈશાખ સુદ - ૭ | શ્રીમદ્ ભાગવત<br>કથા મહોત્સવ | **સુરત**<br>સંપર્ક :- મો. ૯૯૧૩૦૩૮૩૪૫ |
| ૧૭ | ૧૨-૫-૨૦૧૯ થી<br>૧૬-૫-૨૦૧૯ | વૈશાખ સુદ - ૮ થી<br>વૈશાખ સુદ - ૧૨-૧૩ | નૂતન હરિમંદિર<br>મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | મુ. **વેકરીયા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૮૨૪૪૬૭૮૦૫ |
| ૧૮ | ૧૭-૫-૨૦૧૯ થી<br>૨૧-૫-૨૦૧૯ | વૈશાખ સુદ - ૧૪ થી<br>વૈશાખ વદ - ૩ | શ્રી સ્વામિનારાયણ<br>બાળયુવા મહોત્સવ | **શ્રી સ્વા. મંદિર - સરધાર**, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૨૩ |

हमारा लक्ष्य
विश्व का कल्याण हो...

**લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા લાઈવ પ્રસારણ નિહાળો**

**યુ-ટ્યુબ પર લાઈવ પ્રસારણ નિહાળો**
sardharkatha
www.lakshya.tv




**સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનામહાન પ્રસાદીભૂત તીર્થધામ સરધારને આંગણે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આર્શીવાદથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ ૨૩મી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૪ થી ૧૨-૧૧-૨૦૧૮)**

પ.પૂ.લાલજી મહારાજશ્રીના આર્શીવાદ પ્રાપ્ત કરતાં સત્સંગ છાવણીના યજમાનશ્રીઓ : ૧. સમગ્ર છાવણીના મુખ્ય યજમાન શ્રી સવજીભાઈ લાભુભાઈ સાવલીયા (નાળીયેલી મોલી) ૨. હરિ વિચરણ કથાના યજમાનશ્રી અશ્વિનભાઈ ગોળવીયા (ન્યાલકરણ ગ્રુપ) ૩. સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતોની કથાના યજમાન શ્રી વિઠ્ઠલભાઈ પટેલ (કેનેડા) ૪. વ્યાખ્યાનમાળાના યજમાનશ્રી જીતેશભાઈ પટેલ (આફ્રિકા). ૫. સત્સંગ છાવણીનો લાભ લેવા પધારેલ ભાગવત કથાકાર પૂ. જીગ્નેશદાદા (રાધે રાધે) ૬. ભાગવતાચાર્ય પૂ. શા. શ્રી કનૈયાલાલ ભટ્ટ ૭. પૂ. શ્રી રામભાઈ રાવળ ૮. શ્રી હરદેવભાઈ આહીર (લોકસાહિત્યકાર) ૯. શ્રી લખુભાઈ આહીર (હાસ્યકાર) ૧૦. શ્રી નારાયણ ઠાકર (સંતવાણી-ભજનીક) ૧૧. શ્રી અનુભા ગઢવી (લોકસાહિત્ય કવિ) ૧૨. શ્રી કિરીટદાન ગઢવી (હાસ્યકાર)




સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનામહાન પ્રસાદીભૂત તીર્થધામ સરધારને આંગણે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આર્શીવાદથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ ૨૩મી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૪ થી ૧૨-૧૧-૨૦૧૮)

૧. સમૂહ ચોપડા પૂજન ૨. સમૂહ મહાપૂજા ૩. છાત્રાલયનિવાસી વિદ્યાર્થી સહાયફંડમાં વાર્ષિક સેવા રકમનો ચેક અર્પણ કરતાં ન્યાલકરણ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યશ્રીઓ ૪. પ.પૂ. લાલજી મહારાજશ્રીના આર્શીવાદ પ્રાપ્ત કરતાં દાનવીર પ.ભ. વાલજીબાપા (શ્રીહરિ ગ્રુપ – સિસલ્સ) ૫-૬. સંતો-હરિભક્તોનો રાસોત્સવ ૭ થી ૧૨. સરધાર મંદિર છાત્રાલયના કોલેજીયન વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય રજૂઆત.






















સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણનામહાન પ્રસાદીભૂત તીર્થધામ સરધારને આંગણે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આર્શીવાદથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ ૨૩મી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૪ થી ૧૨-૧૧-૨૦૧૮)

૧ થી ૫. નૂતન વર્ષની વહેલી પ્રભાતે ઠાકોરજીનું પૂજન, ધર્મકુળપૂજન, સંતપૂજન તથા સંતો પાર્ષદોની ભેટણલીલા, હરિભક્તો પર પુષ્પવર્ષા વગેરે સ્મૃતિ તસ્વીર. ૬. સરધારધામ સ્થિત પ્રાસાદિક જૂના મંદિરમાં ઠાકોરજી સમક્ષ પૂરવામાં આવેલ અન્નકૂટ દર્શન. ૭. સમૂહ આરતી. ૮-૯. સત્સંગ છાવણીના પ્રારંભે નીકળેલ પોથીયાત્રા. ૧૦. છાવણી દરમ્યાન યોજાયેલ અખંડધૂનની પૂર્ણાહૂતિ પ્રસંગે આર્શીવાદ પાઠવતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી

Swaminarayan Chintan, November, 2018 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 20/12/2018_RNI No. GUJGUJ-2013/47868












સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન પ્રસાદીભૂત તીર્થધામ સરધારને આંગણે પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આર્શીવાદથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ ૨૩મી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી' (તા. ૪ થી ૧૨-૧૧-૨૦૧૮)

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007